Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




# 卐 ચૈતન્ય-ચમત્કાર 卐

ચૈતન્ય ચમત્કારિક ચીજ છે. ચૈતન્યદ્રવ્યમાંથી અનંત અનંત કાળથી પર્યાય ઉત્પન્ન થવા છતાં ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્માત્ર પણ ઉણપ કે હિણપ થતી નથી. નિગોદની અવસ્થામાં ઘણો જ અલ્પ વિકાસ રહેવાથી ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્માત્ર પણ વૃદ્ધિ થતી નથી. નિગોદની પર્યાય કરતાં નવ–પૂર્વ તથા અગિયાર–અંગના ઉઘાડની પર્યાય અનંતગણી છે અને તેના કરતાં પણ અનંતગણી કેવળજ્ઞાનની પર્યાય છે કે જે અનંતાનંત પદાર્થોને અનંત કાળ સુધી જાણે–એવડી મોટી પર્યાય થઈ છતાં ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્માત્ર પણ ઘટાડો કે ઉણપ થાય છે એમ નથી; દ્રવ્ય ને ગુણ તો સદાય એવા ને એવા જ પરિપૂર્ણ રહે એવો ચૈતન્યજાદુગર છે, તેની શક્તિઓ ચમત્કારિક છે, ચૈતન્યનો ચમત્કાર આશ્ચર્યકારી જાદુગરી જેવો છે. ચૈતન્યના ચમત્કારનો મહિમા અપરંપાર છે. એવા ચમત્કારી ચૈતન્ય પ્રભુની પ્રતીતિ કરવી એ આ દુર્લભ માનવભવમાં એકમાત્ર કર્તવ્ય છે.

(–પૂજ્ય ગુરુદેવશ્રી, તા. ૨૪–૧૦–૭૭)


તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર
વીર સં. ૨૫૦૩, આસો (લવાજમ છ રૂપિયા) વર્ષ ૩૪ઃ અંક ૧૩

# બહેનશ્રીનાં વચનામૃત

* દ્રવ્ય તો નિવૃત્ત જ છે તેને દૃઢપણે અવલંબીને ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત થાવ. મુક્તિ તો જેમના હાથમાં આવી ગઈ છે એવા મુનિઓને ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી પ્રત્યાખ્યાન થાય છે.

* જેણે ચૈતન્યધામને ઓળખી લીધું તે સ્વરૂપમાં એવા સૂઈ ગયા કે બહાર આવવું ગમતું જ નથી. જેમ પોતાના મહેલમાં સુખેથી રહેતા હોય એવા ચક્રવર્તી રાજાને બહાર આવવું ગમતું જ નથી તેમ ચૈતન્યના મહેલમાં જે બિરાજી ગયા તેને બહાર આવવું મુશ્કેલ પડે છે, બહાર આવવું તેને બોજો લાગે છે; આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું લાગે છે. સ્વરૂપમાં જ આસક્ત થયો અને બહારની આસક્તિ તૂટી ગઈ છે.

* છબી પાડવામાં આવે છે ત્યાં જે પ્રમાણે મુખ પરના ભાવ હોય તે પ્રમાણે કાગળમાં કુદરતી ચિતરાઈ જાય છે, કોઈ દોરવા જતું નથી. એવી રીતે કર્મના ઉદયરૂપ ચિતરામણ સામે આવે ત્યારે સમજવું કે મેં જેવા ભાવ કર્યા હતા તેવું આ ચિતરામણ થયું છે. જોકે આત્મા કર્મમાં પ્રવેશ કરીને કાંઈ કરતો નથી, તોપણ ભાવને અનુરૂપ જ ચિતરામણ સ્વયં થઈ જાય છે. હવે દર્શનરૂપ, જ્ઞાનરૂપ, ચારિત્રરૂપ પરિણમન કર તો સંવર-નિર્જરા થશે. આત્માનો મૂળ સ્વભાવ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે, તેનું આલંબન કરતાં દ્રવ્યમાં જે (શક્તિરૂપે) પડ્યું છે તે (વ્યક્તિરૂપે) બહાર આવશે.

* અનંતકાળથી જીવને પોતાથી એકત્વ અને પરથી વિભક્તપણાની વાત રુચિ જ નથી. જીવ બહારથી ફોતરાં ખાંડ્યા કરે છે પણ અંદરનો જે કસ-આત્મા-તેને શોધતો નથી. રાગ-દ્વેષનાં ફીફાં ખાંડવાથી શો લાભ છે? તેમાંથી દાણો ન નીકળે. પરથી એકત્વબુદ્ધિ તોડી જુદા તત્ત્વને-અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત આત્માને-જાણે, તો કાર્ય થાય.

* જો તારી ગતિ વિભાવમાં જાય છે તો તેને ઉતાવળથી ચૈતન્યમાં લગાડ.

(અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર જુઓ)

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૪
અંક ૧૩




વીર સં.
૨૫૦૩
: આસો :
A.D.1977
NOV.

# એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનું કાર્ય કરવાની અયોગ્યતા

અહીં કહે છે કે કામ–ક્રોધ કે દયા–દાન આદિ જે કાંઈ ભાવ આત્માને થાય છે તે પરદ્રવ્ય કરાવે છે કે કર્મ કરાવે છે એવી માન્યતા મિથ્યાત્વ છે. સ્ત્રી–પુત્ર–મિત્ર આદિનું જીવ કાંઈ કરી શકે એ વાત તો ક્યાંય રહી પણ કર્મના કારણે મિથ્યાદર્શન થાય છે કે કર્મોદયના કારણે જીવને ક્રોધ થાય છે–કર્મોદય જીવને ક્રોધરૂપ પરિણમાવે છે એ માન્યતા જૂઠી છે. પોતાના અપરાધથી જીવની પર્યાયના અસ્તિત્વમાં રાગાદિ થાય છે.

માટે એવી શંકા ન કરવી કે દયા–દાન આદિના ભાવ જીવને પરદ્રવ્ય કે કર્મો કરાવે છે. ધર્મની તો પછી વાત પણ અહીં તો કહે છે કે જીવને પોતાની પર્યાયમાં જે અધર્મદશા થાય છે તે જીવની પર્યાયની પોતાની યોગ્યતાથી થાય છે, પરદ્રવ્ય જીવને અધર્મ કરાવતું નથી. માટે એવી શંકા ન કરવી કે જીવને નિમિત્તભૂત પરદ્રવ્યો રાગાદિ કરાવે છે, કેમ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના પર્યાય ઉત્પન્ન કરાવાની અયોગ્યતા છે.

**કર્મ આવે છે માટે જીવને મિથ્યાત્વ કરવું જ પડે છે એવી માન્યતા અનંત સંસારનું બીજ છે, કેમ કે પરથી આત્મામાં વિકાર થાય એવી આત્મામાં યોગ્યતા જ નથી ને પર વિકાર કરાવે એવી પરમાં પણ યોગ્યતા નથી. જ્યાં પ્રગટ વિકારી દશા પોતાને લઈને પોતાના અપરાધથી થાય છે એવો સ્વીકાર ન આવે ત્યાં અપ્રગટ દ્રવ્યસ્વભાવનો સ્વીકાર શી રીતે આવી શકે? –તેથી અહીં દૃષ્ટાંતથી આચાર્ય દેવ સમજાવે છે:**

શ્રી સમયસાર ગાથા–૩૭૨, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૭–૧૦–૭૭ આચાર્યદેવ કહે છે કે :

**કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,**
**તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.**

## * જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી *

અહીં કહે છે કે આત્મામાં પુણ્ય–પાપ આદિ રાગ–દ્વેષ ભાવ થાય છે તે પોતાના અપરાધથી થાય છે પણ કર્મનો ઉદય કરાવે છે એમ શંકા ન કરવી. ક્રોધ, માન, માયા, લાભ આદિ ઉત્પન્ન થાય છે એ પરદ્રવ્ય ઊપજાવે છે એમ શંકા ન કરવી. અહીં સ્ત્રી–પુત્ર આદિ પરદ્રવ્યની તો વાત પણ નથી પરંતુ અંદરમાં જે કર્મો છે તે આત્માને બળજોરીથી રાગ–દ્વેષ કરાવે છે એમ શંકા ન કરવી, આત્મા પોતાના દોષથી રાગ–દ્વેષ કરે છે.

ધર્મી જીવને પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા થઈ નથી ત્યાં સુધી રાગાદિ થાય છે પણ તે પોતાની નબળાઈથી થાય છે, કર્મના લઈને થાય છે એમ શંકા ન કરવી. અજ્ઞાનીને જે મિથ્યાત્વ રાગ–દ્વેષ થાય છે તે પોતાના અપરાધને લઈને થાય છે પરંતુ કર્મને લઈને થાય છે એમ શંકા ન કરવી.

ધર્મીને 'હું જ્ઞાયક છું' એવું જ્ઞાન થયું છે એવી સાધક દશામાં પણ જે રાગાદિ થાય છે તે કર્મને લઈને થાય છે એમ શંકા ન કરવી. મુનિને પણ છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રતાદિનો રાગ થાય છે પરંતુ રાગ થાય છે માટે કર્મને લઈને થાય છે એમ

શંકા ન કરવી. જેને હજુ આત્માનું ભાન નથી તેને પુણ્ય ભલા છે એવો જે મિથ્યાત્વ ભાવ તથા રાગાદિ કર્મને લઈને થાય છે એમ નથી.

અહા ! મુનિ દશાની શી વાત ! –જેને અંતરમાં પ્રચુર સ્વસંવેદન દ્વારા આનંદની અનુભૂતિ છે તે મુનિરાજ પણ ત્રીજા કળશમાં એમ કહે છે કે હું સાધક છું, મારે પણ હજુ રાગાદિ થાય છે તે અનાદિની કલ્માષિતતા–મલિનતા છે, તે મારું પરિણમન છે અને તેને હું વેદું પણ છું; ટીકાના કાળે તે મલિનતાનો નાશ થાય એમ હું ભાવું છું. મારી દ્રષ્ટિનો વિષય જે દ્રવ્યસ્વભાવ છે તે દ્રષ્ટિએ તો હું નિર્મળ છું પણ મારી અપૂર્ણતાને લઈને જે રાગ થાય તેનું વેદન પણ મને છે. અહીં કહે છે કે તે મલિનતા–રાગાદિ કર્મના લઈને થાય છે એમ શંકા ન કરવી.

જીવ એટલે આત્મા; મારા આત્માને કે કોઈ પણ આત્માને કર્મ રાગાદિ કરાવે છે એમ નથી. સમ્યગ્દ્રષ્ટિને પણ આત્માના આશ્રયે જેટલી શુદ્ધતા છે એટલું આનંદનું વેદન છે પરન્તુ પોતાની કમજોરીથી જેટલી અશુદ્ધતા છે તેટલું દુઃખનું વેદન છે, તે અશુદ્ધતા પરદ્રવ્ય ઊપજાવે છે એમ શંકા ન કરવી. પરદ્રવ્ય શું કરે ? સ્વદ્રવ્યની અંદર પરદ્રવ્ય ઘૂસી જતું નથી, અંદર જતું નથી તો પરદ્રવ્ય સ્વદ્રવ્યનું શું કરે ?

## * અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરવાની અયોગ્યતા *

આત્મદ્રવ્યને અનેરું દ્રવ્ય–કર્મ, સ્ત્રી, પુત્ર આદિ વિકાર ઊપજાવવા અયોગ્ય છે. જીવને વિકાર ઊપજાવે એવી પરદ્રવ્યમાં અયોગ્યતા છે–યોગ્યતા નથી તેથી જીવને પરદ્રવ્ય રાગાદિ કરાવે છે એમ નથી, કારણ કે દ્રવ્યમાં વિકારી કે અવિકારી પર્યાય પોતાના સ્વભાવથી જ થાય છે, પરથી થતાં જ નથી. પોતાની પર્યાયની યોગ્યતાથી વિકાર ઉત્પન્ન થાય છે.

હવે દ્રષ્ટાંતથી સમજાવે છેઃ–

માટી ઘડાભાવે ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઉત્પન્ન થાય છે કે માટીના સ્વભાવે ઉત્પન્ન થાય છે ? માટીમાંથી ઘડો થાય છે તે જો કુંભારથી ઉત્પન્ન થતો હોય તો કુંભારનો સ્વભાવ માટીમાં આવવો જોઈએ પણ એમ તો બનતું નથી, તેથી ઘડાનો કરનારો કુંભાર નથી.

તેવી રીતે ભગવાન આત્માની પર્યાયમાં જે રાગાદિ થાય છે તે જો કર્મથી થતાં હોય તો કર્મનો સ્વભાવ રાગાદિમાં આવવો જોઈએ પણ એમ તો થતું નથી. ઘડો

થાય છે તે માટીના સ્વભાવે થાય છે, કુંભારના સ્વભાવે થયો નથી, કારણકે ઘડામાં માટીનો સ્વભાવ આવે છે, પરન્તુ કુંભારના ક્રોધાદિભાવ તો ઘડામાં આવતાં નથી.

ઘડો માટીથી થાય છે પણ કુંભારથી થતો નથી કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવથી પર્યાયથી બીજા કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી. અનેરા તત્ત્વમાં અન્ય તત્ત્વના કારણે પર્યાય ઉત્પન્ન થાય એમ જોવામાં આવતું નથી. અન્ય દ્રવ્યના પરિણામનો ઉત્પાદ અનેરા દ્રવ્યથી જોવામાં આવતો નથી. તેથી માટીનો ઘડો કુંભારના સ્વભાવથી ઉત્પન્ન થતો નથી. એ રીતે માટી પોતાના સ્વભાવને છોડતી નથી તેથી ઘડાનો ઉત્પાદક માટી જ છે, કુંભાર છે જ નહીં. ચોખા પાકે છે તે પાણીથી પાકે છે તેમ છે જ નહી, કેમ કે પાણી અને ચોખા ભિન્ન ભિન્ન પદાર્થો છે.

દરેક પદાર્થ પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી છે તેથી બીજાના–દ્રવ્ય–ક્ષેત્ર–કાળ –ભાવથી અન્યના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાં કાંઈ થાય એમ છે જ નહીં. તેથી કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહીં, ઘડો થવો એ માટીની પર્યાય છે તેને કુંભાર સ્પર્શતો નથી અને માટી કુંભારને નહીં સ્પર્શતી થકી માટી જ પોતાના કુંભભાવે ઊપજે છે. કુંભારનો આત્મા તેના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાં છે ને શરીર તેના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાં રહેલું છે તેમ જ માટી પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાં રહેલી છે તેથી ઘડાનો કર્તા કુંભાર કે શરીર નથી.

કડીયાએ મકાન કર્યું નથી, સોનીએ દાગીના ઘડયા જ નથી, સુતારે લાકડાને વેરવા આદિનું કામ કર્યું નથી, ચિત્રકારે ચિત્રનું કાર્ય કર્યું જ નથી. અનંત રજકણો ને અનંત આત્માઓ પોતાની અવસ્થામાં ભિન્ન ભિન્નપણે થઈ રહ્યાં છે. રોટલી પોતાના પરમાણુથી થવા કાળે થઈ રહી છે, તેનો કર્તા તાવડી કે સ્ત્રી નથી, નિમિત્ત ભલે હો, પણ નિમિત્ત કાંઈ કરતું નથી એમ અહીં સિદ્ધ કરે છે.

## *-તો નિમિત્તભૂત દ્રવ્યોના આકારે અન્યદ્રવ્યના પરિણામ થવા જોઈએ *

ઘડાની અવસ્થા એ માટીની અવસ્થા છે, કુંભારની એ અવસ્થા નથી. એવી રીતે બધાય દ્રવ્યો પોતાના સ્વપર્યાય પરિણામે ઊપજતા થકા પોતાથી ઊપજે છે કે નિમિત્તથી ઊપજે છે? જો પ્રત્યેક પરમાણુ ને પ્રત્યેક આત્માની પયાર્ય નિમિત્તભૂત અન્યદ્રવ્યથી થતી હોય તો નિમિત્તભૂત પરદ્રવ્યના સ્વભાવે ને આકારે તે પર્યાય થવી જોઈએ, પરન્તુ એમ તો બનતું નથી.

ઘોડાગાડી ચાલે છે તે ઘોડાને લઈને ચાલતી નથી. જો નિમિત્તભૂત દ્રવ્યોથી અન્ય દ્રવ્યની ક્રિયા થતી હોય તો નિમિત્તભૂત દ્રવ્યનો સ્વભાવ તેમાં આવવો જોઈએ, પણ

તેમ તો થતું નથી. કુંભાર નિમિત્ત છે પણ જો કુંભારથી ઘડો થતો હોય તો કુંભારનો સ્વભાવ તથા કુંભારના શરીરનો આકાર ઘડામાં આવવા જોઈએ, પણ એમ તો બનતું નથી.

તેવી રીતે જો વ્યવહારરત્નત્રયના રાગથી સમ્યગ્દર્શન થતું હોય તો સમ્યગ્દર્શનમાં રાગ આવવો જોઈએ, પણ એમ તો બનતું નથી. વજનારાચસંહનન શરીર હોવાથી મોક્ષ થતો હોય તો સિદ્ધદશામાં શરીરનો સ્વભાવ આવવો જોઈએ, પણ એમ તો થતું નથી. દૂધીનું શાક પાણીમાં બાફે તો બરાબર બફાય ને મીઠું વધારે નાખે તો દૂધીના બટકાના રેસા તૂટી જાય, તો અહીં કહે છે કે મીઠાને લીધે દૂધીના રેસા તૂટયા જ નથી. મીઠું દૂધીને અડયું જ નથી, કેમ કે એક દ્રવ્ય અન્ય દ્રવ્યનું કાર્ય કરવા માટે અયોગ્ય છે.

## અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.

શરીરમાં મેલેરિયા તાવ છે ને કવીનાઇન લીધી માટે તાવ ઊતરી ગયો એમ છે જ નહીં, કવીનાઇનના રજકણો શરીરને અડતા જ નથી, કેમ કે અનેરા દ્રવ્યથી અન્ય દ્રવ્યનો ઉત્પાદ થતો જોવામાં આવતો નથી. દરેક રજકણ અને દરેક આત્માની સ્વાભાવિક તથા વિભાવિક પર્યાય પોતાના સ્વભાવથી જ ઊપજે છે; વિભાવ એ પર્યાયનો સ્વભાવ છે.

શરીરમાં આત્મા જેટલો કાળ રહે છે તે પોતાની યોગ્યતાથી જ રહે છે. આયુષ્ય કર્મથી રહ્યો છે તેમ નથી, કેમ કે જો એમ હોય તો કર્મનો સ્વભાવ આત્મામાં આવવો જોઈએ પરન્તુ એમ તો બનતું નથી. સિંહ ને વાઘનો ફોટો પાડે છે તેમાં ફોટામાં જે આકાર આવ્યો તે સિંહના લઈને ફોટો પડયો નથી, કેમ કે જો નિમિત્તભૂત દ્રવ્યથી અન્યદ્રવ્યના પરિણામ ઊપજતાં હોય તો નિમિત્તભૂત દ્રવ્યનો સ્વભાવ તેમાં આવવો જોઈએ. તેવી રીતે રાગ–દ્વેષના પરિણામ જીવે કર્યાં તે પ્રમાણે નવા કર્મો પરિણમે છે છતાં રાગ–દ્વેષના પરિણામથી પરમાણુના પરિણામ થતાં નથી. કર્મના રજકણો પોતાની યોગ્યતાથી સ્વતંત્ર કર્મરૂપે પરિણમે છે.

આમ હોવાથી રાગ–દ્વેષ જીવ કરે તેમાં કર્મો કાંઈ કરતા જ નથી, તેથી આચાર્યદેવ કહે છે કે આત્માની પર્યાયમાં રાગ–દ્વેષ થાય તે અનેરા દ્રવ્યથી થાય તેમ અમે દેખતા નથી. કર્મથી આત્મામાં વિકાર થાય એમ અમે દેખતાં નથી. મોહકર્મના ઉદયના લીધે જીવ મિથ્યારૂપ પરિણમે છે કે કર્મના ઉદયના લઈને જ્ઞાની રાગ–દ્વેષરૂપે પરિણમે છે એમ અમે દેખતાં નથી. તેથી પરદ્રવ્ય પર અમે કોપ કેવી રીતે કરીએ ?

આત્માને અશુદ્ધતા છે, તે છેક તેરમે ગુણસ્થાન સુધી અશુદ્ધતા છે, કંપ દશા છે તે અશુદ્ધતા છે, અસિદ્ધત્વ છે તેટલી અશુદ્ધતા છે, તેથી કેવળી સિદ્ધ પરમાત્મા થતા નથી, અઘાતિકર્મને લઈને રહ્યાં છે તેમ નથી પણ જેટલું કંપન છે તેટલી અશુદ્ધતા પોતાની યોગ્યતાથી છે, કર્મ શું કરે ?

અહીં પર્યાયની વાત છે, વસ્તુ તો અંશે પણ અશુદ્ધ નથી. જો વસ્તુમાં અંશે પણ અશુદ્ધતા હોય તો વસ્તુ ધ્રુવ હોવાથી અશુદ્ધતા પણ ધ્રુવ રહે. આત્માને વર્તમાન દશામાં જે રાગાદિ પરિણામ છે તે અશુદ્ધદશા પોતાની છે એમ નિશ્ચયનયનથી વિચારવામાં આવે તો અર્થાત્ પર્યાય પોતાની છે એમ નિશ્ચયનયથી વિચારવામાં આવે તો રાગાદિને ઊપજાવનારા કર્મ નથી. અહીં નિશ્ચયનયનો અર્થ તે દશા પોતાની છે, પોતામાં છે, પોતાના અસ્તિત્વમાં છે એટલો છે.

નિશ્ચયનયથી વિચારવામાં આવે તો અન્ય દ્રવ્ય વિકારની અવસ્થા ઊપજાવતા નથી. ભગવાન આત્મા સ્વપરપ્રકાશનો પિંડ હોવા છતાં અનાદિની વિકાર અવસ્થા છે તેને ઊપજાવનાર અન્યદ્રવ્ય નથી. ભૂલ પણ તારી પોતાની કરેલી છે. તારા પોતાના અસ્તિત્વમાં ઊપજેલી છે. અન્યદ્રવ્ય નિમિત્ત માત્ર ભલે હો, પણ તેનાથી વિકાર થતો નથી. પ્રગટ વિકાર પર્યાયના સ્વતંત્ર પરિણમનનો સ્વીકાર આવતો નથી તેને અપ્રગટ દ્રવ્યસ્વભાવનો સ્વીકાર આવી શકતો નથી.

અન્યદ્રવ્યને અન્યદ્રવ્ય ગુણપર્યાય ઊપજાવતું નથી એવો સિદ્ધાંત છે, છતાં જેઓ એકાંત માને છે કે ‘હું તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું પરન્તુ પરદ્રવ્ય–નિમિત્ત–કર્મ જ મને રાગાદિ ઊપજાવે છે ’ –તેઓ નયવિભાગને સમજ્યા નથી, તેઓ મિથ્યાદ્રષ્ટિ છે. કર્મના લઈને રાગાદિ થાય છે એમ માનનારાઓ મિથ્યાદ્રષ્ટિ છે. કેમ કે રાગાદિભાવો જીવની પર્યાયરૂપી સત્ત્વમાં ઊપજે છે. જીવના દ્રવ્ય–ગુણ તો ત્રિકાળશુદ્ધ છે પરન્તુ વર્તમાન પર્યાયના સત્ત્વમાં પોતાથી થાય છે.

જે જીવ પ્રગટ વિકારી દશા પોતાથી પોતાને લઈને પોતામાં થાય છે એમ સ્વીકારતો નથી તેને અપ્રગટ દ્રવ્યસ્વભાવની પ્રતીતિ કેવી રીતે થાય ? પર્યાય છે તે જીવનું સત્ત્વ છે એ રાગાદિ જીવના સત્ત્વમાં–પર્યાયના સત્ત્વમાં ઊપજે છે, કર્મ તો નિમિત્તમાત્ર છે. અહીં તો કહે છે કે આનંદ અનુભવ થયો છે એવા જ્ઞાનીને પૂર્ણ આનંદનું વેદન નથી ત્યાં સુધી દુઃખનું વેદન છે તે પોતાના અપરાધથી છે, કર્મના લઈને નથી. તેથી આચાર્યદેવ કહે છે કે અમારી પર્યાયમાં રાગ–દ્વેષની ઉત્પત્તિમાં અમારો જ અપરાધ અમે દેખીએ છીએ તેથી અન્યદ્રવ્ય પર શા માટે કોપ કરીએ ? × × ×

## દુઃખથી છૂટવાનો ઉપાયઃ શુદ્ધ જીવવસ્તુનો અનુભવ

અરિહંત પરમાત્મા કહે છે કે જે શુદ્ધ વસ્તુ છે તે સદાય શુદ્ધ જ રહે છે, કદી પણ શુદ્ધપણાને છોડતી નથી. સંસાર અવસ્થામાં પણ શુદ્ધ જીવવસ્તુ પોતાના શુદ્ધપણાને છોડતી નથી. જો સંસાર-અવસ્થામાં શુદ્ધપણું છોડી દે તો શુદ્ધતા પ્રગટશે ક્યાંથી? કોના આશ્રયે શુદ્ધતા પ્રગટશે? નિગોદની અવસ્થા હો કે ગમે તેવા કષાયભાવની દશા હો, પરંતુ શુદ્ધ વસ્તુ તો સદાય એવી ને એવી જ શુદ્ધ રહે છે. એવી શુદ્ધ જીવવસ્તુનો અનુભવ કરતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે.

(શ્રી કલશટીકા, કલશ-૭, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

જેણે ચારગતિના દુઃખથી છૂટવું હોય, જેને ચારગતિના દુઃખનો ડર લાગે, જેને પરિભ્રમણથી છૂટવું હોય તેને જિનેશ્વરદેવે કહે છે કે શુદ્ધ ચેતનામાત્ર જીવવસ્તુનો અનુભવ કરો. જાનન-દેખન સ્વભાવી ચેતનાસ્વરૂપ તું છો-જેમાં પુણ્ય-પાપ આદિ નથી-તેનો અનુભવ કરો. સુખી થવું હોય, ધર્મ કરવો હોય તો પુણ્ય-પાપના રાગથી ભિન્ન પ્રત્યક્ષ જ્યોતિમાત્ર વસ્તુનો અનુભવ કરો, જેનાથી તમને સમ્યગ્દર્શન થશે ને સમ્યગ્દર્શનથી જન્મ-મરણનો અંત આવશે.

પુણ્ય-પાપના ભાવ મલિન છે. તેનાથી આત્મા ભિન્ન શુદ્ધ વસ્તુ છે. ચિદાનંદ સહજાનંદ વસ્તુ આત્મા પોતાને આધીન છે, વ્યવહારને આધીન કે નિમિત્તને આધીન નથી.

ત્રિકાળી શુદ્ધ ચૈતન્યના અનુભવથી ભવનો અંત થાય છે. એ ત્રિકાળી શુદ્ધવસ્તુ કેવી છે? -કે વસ્તુ ચિદાનંદઘન રાગરહિત છે. પર્યાયમાં અશુદ્ધતા હો પણ વસ્તુ તો ત્રણે કાળ સદા શુદ્ધ જ છે, સંસાર દશામાં વસ્તુ અશુદ્ધ થઈ નથી. શુદ્ધ એકરૂપ સામાન્ય ધ્રુવ અખંડ જ્ઞાનમૂર્તિ વસ્તુ કદી પણ શુદ્ધપણાને છોડતી નથી. આત્મા અદ્વિતીય છે-અદ્વૈતપણે છે તે દ્વૈતપણાને પામતી નથી.

જિનેશ્વર પરમાત્મા કહે છે કે જે શુદ્ધવસ્તુ છે તે કદી શુદ્ધપણાને છોડતી નથી, સંસારદશામાં પણ શુદ્ધપણું છોડતી નથી. નરકમાં હો કે નિગોદમાં હો પણ વસ્તુ

એકપણાને છોડતી નથી ને દ્વૈતપણાને પામતી નથી. ત્યારે કોઈ પ્રશ્ન કરશે કે જીવવસ્તુ જ્યારે સંસારથી છૂટે ત્યારે શુદ્ધ થાય છે કે ત્રિકાળ શુદ્ધ છે?

તેનું સમાધાન આમ છે કે દ્રવ્યદ્રષ્ટિએ વિચાર કરતાં ધ્રુવવસ્તુ ત્રિકાળ શુદ્ધ છે, સંસારપણામાં પણ પોતાની શુદ્ધતા છોડતી નથી. જો સંસાર–અવસ્થામાં શુદ્ધતા છોડી દે તો શુદ્ધતા પ્રગટશે ક્યાંથી? પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં એકરૂપ ત્રિકાળી દ્રવ્ય છે તે ત્રિકાળી શુદ્ધ છે. તીવ્ર કષાયના ભાવમાં હો તે કાળે પણ દ્રવ્ય તો શુદ્ધ જ છે. નિગોદના જીવની પર્યાયનું લક્ષ છોડો તો તે જીવ તો ભગવત્ સ્વરૂપ જ છે, જો તેમ ન હોય તો પર્યાયમાં જે પરમાત્મદશા પ્રગટ થાય છે તે ક્યાંથી આવશે? માટે દ્રવ્યદ્રષ્ટિથી જોતાં જીવવસ્તુ ત્રિકાળી શુદ્ધ જ છે.

વસ્તુ છે તે શુદ્ધ જ છે, ને પુણ્ય–પાપ આદિ પરિણમન છે તે હાલતમાં છે, દશામાં છે. ભગવાન શુદ્ધ સ્વરૂપ છે તે કદી અશુદ્ધ દશામાં આવતો જ નથી. આસ્રવ બંધપણે પરિણત હો કે સંવર–નિર્જરાપણે પરિણત હો, તે ભેદો તો પર્યાયમાં છે, વસ્તુ તો સદાય શુદ્ધ જ છે, કેમ કે ત્રિકાળી વસ્તુ છે તે પર્યાયમાં નથી આવતી તેથી પર્યાયની અશુદ્ધતા વસ્તુમાં નથી.

ગમે તેવા કષાયમાં હો તોપણ વસ્તુ તો ત્રિકાળી શુદ્ધ એવીને એવી જ છે. જ્યાં નજર કરવી છે, તે વસ્તુ તો સદાય શુદ્ધ જ છે. અરે! સમ્યગ્દર્શનના વિષયભૂત જે શુદ્ધ વસ્તુ છે તે સમ્યગ્દર્શનની પર્યાયથી ભિન્ન છે. અવસ્થામાં નવપણે પરિણતિ છે તોપણ વસ્તુ છે તે પર્યાયમાં આવતી નહીં હોવાથી વસ્તુ તો શુદ્ધ જ છે. તે નવરૂપ પરિણતિથી ભિન્ન શુદ્ધ વસ્તુ છે. નવતત્ત્વરૂપ એટલે કે જીવતત્ત્વ કહેતાં જીવનાં પર્યાયો તે રૂપે પર્યાયમાં પરિણમન હોવા છતાં જીવવસ્તુ તો ત્રિકાળી શુદ્ધ જ છે. જે નવપણે પરિણમ્યો છે તે વસ્તુપણે શુદ્ધ છે અને જે નવપણે નથી પરિણમ્યા એવા સિદ્ધ પણ વસ્તુપણે શુદ્ધ જ છે.

જેમ અગ્નિ કોલસાને, લાકડાને આદિને બાળે છે અને અગ્નિ દાહ્ય પદાર્થના આકારે થાય છે. તે અપેક્ષાએ કહેવામાં આવે તો લાકડાનો અગ્નિ ને કોલસાનો અગ્નિ બરાબર છે, તોપણ અગ્નિની ઉષ્ણતાનો વિચાર કરતાં કાષ્ટ આદિની આકૃતિ તેમાં નથી. ઉષ્ણતાનો વિચાર ન કરો ને જેને બાળે છે તેના વિચારે આકૃતિ સાચી છે, પણ ઉષ્ણ સ્વભાવની દ્રષ્ટિથી અગ્નિને જુઓ તો આકૃતિ જૂઠી છે, ઉષ્ણતાની દ્રષ્ટિથી જોતાં અગ્નિ ઉષ્ણતામાત્ર છે, લાકડાનો અગ્નિ આદિ વિકલ્પ જૂઠા છે.

(અનુસંધાન માટે જુઓ પેઈજ નં.૨૨)

# હે જીવ! વિકલ્પના કોલાહલથી હવે બસ થા!

( કળશ-ટીકા, કળશ ૩૪, પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી )

જો તારે આત્મા જ પ્રાપ્ત કરવો હોય તો હે જીવ! હવે વિરક્ત થા, હઠ ન કર, નકામા બીજા વિકલ્પોથી તને શું લાભ? ભગવંત તું દુઃખથી મુક્ત થવા મિથ્યાત્વ રાગાદિ અકાર્યથી–નકામા કાર્યથી વિરક્ત થા, એ કોલાહલ છોડી દે, ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે, તેને પામવા માટે રાગાદિથી વિરક્ત થા, કેમ કે એ નકામા કાર્ય છે, એ તારું કાર્ય નથી. તેથી જૂઠા વિકલ્પો કે જે ભગવાન આત્માને પામવામાં વિરોધ કરનારા છે એવા જૂઠા વિકલ્પોની જાળથી બસ થા! કેમ કે એવા જૂઠા વિકલ્પોથી તને શું? નકામા વિકલ્પો એટલે?–કે એ તારું કાર્ય નથી, એ તો પુદ્ગલનું કાર્ય છે, પુદ્ગલથી થયેલા એ ભાવો પુદ્ગલ છે, ભગવાનના એ ભાવો નથી, કેમ કે ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપે બિરાજમાન છે, એ રાગાદિ ભાવો તેનું સ્વરૂપ નથી. પર્યાયમાં એ ભાવો છે પણ ત્યાં તને રાખવો નથી, તેથી તારા નથી એમ કહી તને સ્વરૂપમાં લઈ જવાનું પ્રયોજન છે, માટે તેને પુદ્ગલનાં કહ્યાં છે.

પર્યાયમાં રાગાદિ થાય છે તે તારાથી તારા સ્વરૂપના અજ્ઞાનને લઈને તારી પર્યાયમાં થાય છે, પરન્તુ અહીં તો તેનાથી જૂદો પાડીને વસ્તુસ્થિતિ છે ત્યાં લઈ જવો છે. કેવી રીતે સ્વરૂપની પ્રાપ્તિ થાય?–કે રાગાદિ અનેરાભાવો છે તે તારું સ્વરૂપ નથી, તારું કાર્ય નથી, માટે હઠ ન કર ને હે જીવ! હવે વિરક્ત થા.

પર્યાયમાં જે રાગાદિ થાય છે એ તારા ત્રિકાળી સ્વરૂપમાં નથી ને તારું ત્રિકાળી સ્વરૂપ તેમાં નથી તથા તેનાથી તારું ત્રિકાળી સ્વરૂપ પ્રાપ્ત થતું નથી. તેથી વસ્તુસ્વભાવની પ્રાપ્તિ માટે તે તારા નથી, તે પુદ્ગલના છે. પુણ્ય–પાપના ભાવ છે એ તારા અજ્ઞાનભાવે તારી પર્યાયમાં ઉત્પન્ન થયેલાં છે પણ એ દુઃખનાં કારણ છે, તેથી હવે વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ અર્થે તેનાથી વિરમ! હઠ ન કર ને તેનાથી વિરક્ત થા!

અનેરા, નકામા અને જે તારું કાર્ય નથી ને જેનાથી બંધન થાય એવા વિકલ્પના કોલાહલથી વિરક્ત થા! એવા કોલાહલથી પ્રભુ, તને શું લાભ છે? એ તને નુકશાન કરનારા છે. ૮૪ લાખના અવતારમાંથી તને બહાર કાઢવો છે તેથી કહે છે કે અરે! એ નકામા કાર્યોથી તને શું લાભ છે? માટે હઠ ન કર અને તેનાથી વિરક્ત થા.

તેને વિશેષરૂપે કહે છે કે કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ શરીરને જીવ કહે છે. ભગવાનને

અર્ઘ ચઢાવવાની શરીરની ક્રિયા મારી છે એમ કહે છે–માને છે. શરીરની જેટલી ક્રિયા થાય છે તે મારાથી થાય છે એમ શરીરને જ જીવ માને છે, કેમ કે શરીરની ક્રિયા જડની છે, શરીરની ક્રિયાને મારી માને છે તે શરીરને જીવ માને છે.

કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ કર્મના ફળને મારા માને છે, સ્ત્રી સારી મળી, પૈસા ઘણાં મળ્યા એમ જે કર્મના ફળ એવા સ્ત્રી–પુત્ર–પૈસાદિને મારા માને છે તેણે આઠ કર્મોને જીવ માન્યો છે. વળી કોઈ જીવ રાગાદિ ભાવોને મારા માને છે, રાગાદિના અધ્યવસાયને એકત્વબુદ્ધિને જીવ માને છે. દયા–દાન–વ્રત–તપ–યાત્રા આદિ અનેક પ્રકારના રાગાદિ ભાવોમાં એકત્વબુદ્ધિ કરે છે તે રાગાદિના એકત્વને જીવ માને છે.

માટે હે જીવ! એ બધા ભાવોને છોડ, જો તારે સુખી થવું હોય તો–જો તારે સમ્યગ્દર્શન કરવું હોય તો, શરીર તે જીવ, કર્મો તે જીવ, રાગાદિના અધ્યવસાયો તે જીવ–એ બધા વિકલ્પોને છોડ અને ચૈતન્યના નાથ પ્રભુમાં એકાગ્ર થા. તું જ્યાં છો ત્યાં જા. એ બધા વિકલ્પો છોડીને આનંદનો નાથ જ્યાં બિરાજે છે ત્યાં જા તો તને સમ્યગ્દર્શન થશે.

ભગવાન આનંદનો નાથ પ્રભુ છે ને શરીર–વાણી–મન–રાગાદિ વિકલ્પોથી તે પર છે, એવા એક શુદ્ધ ચિદ્રૂપ માત્ર વસ્તુનો રાગાદિના–વ્યવહાર વિકલ્પના આશ્રય વિના સ્વસંવેદનપ્રત્યક્ષપણે અનુભવ કર. સમ્યગ્દર્શનમાં મતિ–શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ જણાય છે માટે તેમાં એકાગ્ર થા. કેટલો કાળ?–આચાર્ય શ્રી અમૃતચંદ્રાચાર્યે છ–માસ કહ્યાં છે પણ અહીં અર્થકારે એમ અર્થ કર્યો છે કે વિપરીતતા જે રીતે છૂટે તે રીતે છોડ! વારંવાર બહુ શું કહેવું?

આવો અનુભવ કરતાં સ્વસંવેદનની પ્રાપ્તિ છે જ, તે વાત કહે છે કે હે જીવ! મનરૂપી સરોવરમાં જીવદ્રવ્ય બિરાજે છે તેને અપ્રાપ્તિ શું શોભે છે? આનંદનો સરોવર ભગવાન આત્મા બિરાજી રહ્યો છે તેનો અનુભવ કરતાં તેની અપ્રાપ્તિ શું શોભે છે? અર્થાત્ અનુભવ કરતાં તેની પ્રાપ્તિ ન થાય એમ ન બને. પુણ્ય–પાપના વિકલ્પોને છોડીને અંતરમાં અનુભવ કરે તો આનંદસરોવર આત્માની પ્રાપ્તિ ન થાય એમ કેમ બને?–ન જ બને.

શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાય જ. વિકલ્પોનો અનુભવ કરે છે, પુણ્ય–પાપના ભાવોનો અનુભવ કરે છે ત્યાં સુધી તો શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ ન થાય પણ શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં શું શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ ન થાય?

**( અનુસંધાન માટે જુઓ પેઈજ નં. ૧૨ )**

# જ્ઞેય-જ્ઞાયક-સંબંધની પરાકાષ્ટા

( કળશ-ટીકા કળશ-૨૭૧, પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી )

અહીં કહે છે કે જ્ઞેયજ્ઞાયકસંબંધ સંબંધી બહુ ભ્રાન્તિ ચાલે છે. આત્મા જ્ઞાયક છે ને છ-દ્રવ્યો જ્ઞેય છે એમ નથી. જ્ઞેય-જ્ઞાયકનો વ્યવહારસંબંધ પણ અહીં છોડાવે છે. જાણનસ્વભાવવાળો જ્ઞાયક આત્મા અને છ-દ્રવ્યો, અનંતા કેવળીઓ જ્ઞેય છે એમ નથી. આત્મા જ્ઞાયક છે અને વ્યવહારરત્નત્રયનો રાગ તે જ્ઞેય છે એમ નથી. શરીરમાં રોગ આવ્યો કે શરીર-પુત્ર આદિ જ્ઞેય ને આત્મા જ્ઞાયક છે એમ નથી. છ-દ્રવ્યો જાણવાલાયક પ્રમેય છે અને આત્મા જાણનાર પ્રમાણ છે એમ નથી.

અહીં તો પરથી પોતાને સંકેલી લેવાની વાત છે. છ-દ્રવ્યો છે તે જ્ઞેય છે એમ નથી, કેમ કે છ દ્રવ્યોને લઈને તેને જાણવાની પર્યાય થઈ નથી. પણ પોતાના જ્ઞાનથી જ્ઞાનની પર્યાય થઈ છે માટે જ્ઞાનની પર્યાય જ્ઞેય છે પરંતુ છ-દ્રવ્યો જ્ઞેય નથી.

લોકાલોકનું જ્ઞાન પોતાની જ્ઞાનપર્યાયમાં આવ્યું તે પર્યાય જ્ઞેય છે, લોકાલોક જ્ઞેય નથી. છદ્રવ્યના જાણપણામાત્ર હું નથી. હું તો મારી જ્ઞાન-પર્યાયને જ્ઞેય બનાવી તેને જાણનાર છું. વ્યવહારથી નિશ્ચય થાય એ વાત તો ક્યાંય રહી, પણ વ્યવહાર તે જ્ઞેય છે ને આત્મા જ્ઞાયક છે એમ પણ નથી.

હું ચેતન સર્વસ્વ છું એમાં પરનું જ્ઞેયપણું આવતું નથી. શાસ્ત્ર જ્ઞેય છે ને તેનાથી જ્ઞાન થયું એમ તો નથી પણ શાસ્ત્ર જ્ઞેય છે ને હું તેનો જાણનાર છું એમ પણ નથી. પરના જ્ઞાનમાત્ર એ જ્ઞેય હું નથી. છ દ્રવ્યનું જ્ઞાન થયું એ છ-દ્રવ્યના કારણે થયું નથી, પોતાના જ જ્ઞાનથી જ્ઞાનની પર્યાય થઈ છે. સ્વ-પરપ્રકાશક પર્યાય ઉત્પન્ન થઈ તે પર્યાય જ જ્ઞેય છે.

પોતાના દ્રવ્યથી ભિન્ન છ-દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર હું નથી અર્થાત્ હું જાણનાર ને પરમેશ્વર પરમાત્મા જ્ઞેય છે એમ નથી. પરમેશ્વરનું જ્ઞાન થયું તે તેનાથી નથી થયું, પોતાના સામર્થ્યથી પોતાની પર્યાયમાં જ્ઞાન થયું છે.

કર્મ મારામાં તો નથી, મારા નથી પણ કર્મ જ્ઞેય ને હું જ્ઞાયક છું તેમ પણ નથી. જાણપણારૂપ શક્તિ પણ મારી છે ને જાણવારૂપ શક્તિ પણ મારી છે અર્થાત્ હું પોતે જ જ્ઞેય છું, હું પોતે જ જ્ઞાન ને હું પોતે જ જ્ઞાતા છું. જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું

ને જ્ઞાતા પણ હું છું–એ ત્રણે મારા ભેદ છે. પર પ્રમેયને જાણે છે એમ નથી પરંતુ તે સંબંધી પોતાની જ્ઞાનપર્યાય પ્રમેય છે ને પોતે જ્ઞાતા છે. જ્ઞેય–જ્ઞાન–જ્ઞાતા એવા ત્રણ–ભેદરૂપ એક વસ્તુમાત્ર હું છું.

જાણવાલાયક પણ હું જાણનાર પણ હું ને અનંત શક્તિરૂપ જ્ઞાતા પણ હું છું, ત્રણે થઈને વસ્તુ તો એક છે. પરનો કર્તા તો ક્યાંય રહ્યો, પણ પરનો જાણનાર પણ નથી. પોતે જ જ્ઞેય છે, પોતે જ જ્ઞાન છે ને પોતે જ જ્ઞાતા છે. વિષય–કષાયના પરિણામ તે પરજ્ઞેય છે ને આત્મા જ્ઞાતા છે એમ પણ નથી.

હું મારા સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું માટે હું જ્ઞાન, મારા વડે જાણવા લાયક છું માટે હું જ્ઞેય તથા એવી અનંતશક્તિરૂપ હોવાથી હું પોતે જ્ઞાતા છું. હું પર દ્વારા જાણવા યોગ્ય છું એમ નથી પણ મારા દ્રવ્ય–ગુણ–પર્યાય મારા દ્વારા જાણવા લાયક છે માટે હું જ્ઞેય છું. જ્ઞાનશક્તિ અને જ્ઞેયશક્તિ પણ હું છું ને એવી અનેક શક્તિરૂપ પણ હું છું તેથી જ્ઞાતા પણ હું છું.

જ્ઞેય–જ્ઞાન ને જ્ઞાતા એવા નામભેદ હું છું પણ વસ્તુમાં ભેદ નથી. અહીં વસ્તુની સ્વતંત્રતાની–પરિપૂર્ણતાની પરાકાષ્ટા બતાવી છે. જીવ પોતે જ્ઞેય, પોતે જ જ્ઞાન તે પોતે જ્ઞાતા એવો વચનભેદ છે, કથનમાં ભેદ છે પણ વસ્તુમાં તો આવા ત્રણ ભેદ પણ નથી. પર મારું ને હું તેનો એ તો નથી, પર જ્ઞેય ને હું જ્ઞાયક એમ પણ નથી પરન્તુ હું જ્ઞેય ને હું જ્ઞાયક એવો ભેદ પણ નથી. વસ્તુમાં જ્ઞેય–જ્ઞાયક ને જ્ઞાતા એવા ત્રણ ભેદ છે જ નહીં, દ્રષ્ટિમાં ત્રણ ભેદ જ નથી.

જીવ જ્ઞેય છે, જીવ જ્ઞાન છે ને જીવ જ્ઞાતા છે–એ તો વચનના ભેદ છે, વસ્તુમાં ભેદ નથી, વસ્તુ તો અભેદ વસ્તુ જ છે.

---

**( અનુસંધાન પેઈજ ૧૦ થી ચાલુ )**

–અવશ્ય પ્રાપ્તિ થાય જ. પરસન્મુખતા છોડે ને સ્વસન્મુખતા કરે તેને સ્વરૂપની પ્રાપ્તિ ન થાય એ કેમ બને? અવશ્ય પ્રાપ્તિ થાય જ.

કેવું છે શુદ્ધસ્વરૂપ?–કેવું છે જીવદ્રવ્ય?–કે દયા–દાન આદિના ભાવકર્મથી પુણ્ય–પાપના ભાવથી ભિન્ન, આઠ કર્મોથી ભિન્ન તથા શરીર આદિ નોકર્મથી ભિન્ન આત્મતત્ત્વ છે. શરીર–અજીવથી અને પુણ્ય–પાપતત્ત્વથી ભિન્ન જ્ઞાયક જીવતત્ત્વ છે, પુણ્યના શુભોપયોગને–ભાવકર્મને અહીં પુદ્ગલ કહ્યો છે, દ્રવ્યકર્મ–ભાવકર્મ ને નોકર્મ ત્રણેને પુદ્ગલ કહ્યાં છે, તે જીવનું સ્વરૂપ નથી. એ ત્રણ કર્મથી રહિત દ્રષ્ટિ થાય તેને આત્માની પ્રાપ્તિ થાય છે. તેથી જે ભાવકર્મથી રહિત છે એવા ભગવાનની પ્રાપ્તિ ભાવકર્મથી કેમ થાય?–પણ તેનાથી રહિત થાય ત્યારે તેની પ્રાપ્તિ અવશ્ય થાય છે કે જે પુણ્ય–પાપથી ભિન્ન ચૈતન્યના તેજનો પુંજ છે.

# જ્ઞા....ન....ગો.....ષ્ઠી

(પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્‌ગારો)

પ્રશ્નઃ–જ્ઞાન પ્રાપ્તિનું ફળ તો રાગનો અભાવ થવો તે છે ને?

ઉત્તરઃ–રાગનો અભાવ એટલે રાગથી ભિન્ન આત્માના અનુભવ પૂર્વક ભેદજ્ઞાન થયું છે તેમાં રાગના કર્તાપણાનો–સ્વામીપણાનો અભાવ થયો–રાગમાંથી આત્મ–બુદ્ધિ છૂટી ગઈ. તે રાગનો પહેલાં નંબરનો અભાવ થયો.

* સમયસારની પહેલી ગાથા શરૂ કરતાં આચાર્યમહારાજ કહે છે કે હે શ્રોતાઓ! હું મારી પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરીને સમયસાર કહું છું ને તમે પણ તમારી પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરીને આત્માના લક્ષે સમયસારનું શ્રવણ કરો! અલ્પકાળમાં તમે પણ સિદ્ધ થઈ જશો.

* સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ છે તે રાગની મંદતા હતી માટે પ્રગટ થઈ છે એમ તો નથી જ, પણ સૂક્ષ્મતાથી જોઈએ તો દ્રવ્ય–ગુણના લઈને સમ્યગ્દર્શન થયું છે તેમ પણ નથી. સમ્યગ્દર્શનની પર્યાયનું લક્ષ અને ધ્યેય ને આલંબન દ્રવ્ય છે તોપણ તે પર્યાય પોતાના ષટ્‌કારકથી સ્વતંત્ર પરિણમી છે. જે સમયની જે પર્યાય થવાની છે તેને નિમિત્ત આદિનું તો આલંબન નથી પણ દ્રવ્યના લઈને થાય છે તેમ નથી. અહાહા! અંતરની વાતો કાચા પારા જેવી બહુ ગંભીર છે, પચાવી શકે તો મોક્ષ થાય છે.

પ્રશ્નઃ–પર્યાય દ્રવ્યને અડતી નથી તો આનંદ કેવી રીતે આવે?

ઉત્તરઃ–પર્યાય દ્રવ્યને અડતી ન હોવા છતાં પૂરા દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે, તોપણ દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. ધર્મી અને ધર્મ બે વસ્તુ છે, પર્યાય વ્યક્ત છે ને ધ્રુવવસ્તુ અવ્યક્ત છે, બે એક દ્રવ્યના ધર્મ હોવા છતાં વ્યક્ત અવ્યક્તને અડતું નથી, પરંતુ પર્યાયનું લક્ષ દ્રવ્ય સન્મુખ છે તેથી પર્યાય આનંદરૂપ પરિણમે છે.

પ્રશ્નઃ–મતિશ્રુતજ્ઞાની આત્માને પ્રત્યક્ષ અનુભવે છે તેમ કહ્યું છે અને તત્ત્વાર્થસૂત્રમાં તો મતિશ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યું છે ને?

ઉત્તરઃ–પ્રત્યક્ષ જાણવું એ તો આત્માનો સ્વભાવ છે. અનુભવમાં–સમકિતી આત્માને (અનુભવની અપેક્ષાએ) પ્રત્યક્ષ જાણે છે, જાણવાની અપેક્ષાએ પરોક્ષ છે.

* કામળા–ગાલીચા આદિમાં છાપેલો સિંહ

કોઈને મારી શકતો નથી, કહેવામાત્ર સિંહ છે, તેમ અંતર્જલ્પ–બાહ્યજલ્પ બાહ્ય ક્રિયારૂપ ચારિત્ર છે તે કહેવામાત્ર ચારિત્ર છે, સાચું ચારિત્ર નથી, કારણ કે તે આત્મદ્રવ્યના સ્વભાવરૂપ નથી; પુદ્‌ગલ–દ્રવ્યના સ્વભાવરૂપ હોવાથી કર્મના ઉદયનું કાર્ય છે. ભલે અશુભથી બચવા શુભ હોય છે પરંતુ તે બંધનું જ કારણ છે, મોક્ષનું કારણ નથી.

પ્રશ્નઃ–અમે આત્માનું ધ્યાન તો ઘણું કરીએ છીએ પણ આત્માનો અનુભવ કેમ થતો નથી ?

ઉત્તરઃ–આત્માનો ખરો પ્રેમ આવવો જોઈએ. જેમ બાળકને વ્હાલી માતા દેખતા અને યુવાનને વ્હાલી સ્ત્રી દેખતા અંતરથી પ્રેમ આવે છે, પ્રેમ ઉભરાય છે, તેમ અંતરથી આત્માનો સાચો પ્રેમ આવે તો આત્માનો અનુભવ થયા વિના રહે જ નહીં. આત્માનો અનુભવ થતો નથી તેનું કારણ હજુ આત્મા પ્રત્યે ખરો પ્રેમ જાગ્યો નથી.

પ્રશ્નઃ–મિથ્યાદ્રષ્ટિના જ્ઞાનમાં દ્રવ્યસ્વભાવ ભાસતો નથી તો તેને દ્રવ્યનો અભાવ છે ?

ઉત્તરઃ–મિથ્યાદ્રષ્ટિને દ્રવ્ય ભાસતું નથી તેથી તેના જ્ઞાનમાં દ્રવ્ય અભાવરૂપ છે. જ્ઞાનીને તો પરનું દ્રવ્ય પણ ભાસે છે તેથી અજ્ઞાનીના દ્રવ્યને જ્ઞાની ભગવાન સ્વરૂપે દેખે છે, પણ અજ્ઞાનીને તો દ્રવ્ય દેખાતું નથી તેથી તેની દ્રષ્ટિમાં તો દ્રવ્ય અભાવ રૂપ જ છે.

પ્રશ્નઃ–આચાર્યદેવે સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે છ માસ અભ્યાસ કરવા કહ્યું છે ને અમને તો ૨૫–૩૦ વર્ષથી થતું નથી તો કઈ વિધિ બાકી રહી જાય છે ?

ઉત્તરઃ–અંતરના ઊંડાણમાંથી રુચિ ને લગની લાગવી જોઈએ તે વિધિ બાકી રહી જાય છે. છ માસ સુધી અંદર ધૂન લાગવી જોઈએ. જો આત્માના લક્ષે છ માસ આત્માની ધૂન લાગે તો આત્માનો અનુભવ થયા વિના રહે જ નહીં.

* આત્મા અસંખ્ય પ્રદેશી છે, તે અસંખ્ય પ્રદેશમાં ધ્રુવ વ્યાપેલ છે, અસંખ્ય પ્રદેશ દીઠ પર્યાય છે તે પ્રદેશની ઉપર ઉપર છે, તે પર્યાયનો અંદર ધ્રુવમાં ઝુકાવ કરવાનો છે, તે ઉપર ઉપર થતી પર્યાયને અંદર ધ્રુવમાં વાળવાની છે, પર્યાય અંદર ધ્રુવની સન્મુખ વળતાં સમ્યગ્દર્શન થાય છે.

* નરકના નારકીને સ્વર્ગના સુખની ગંધ નહિ, સ્વર્ગના દેવને નરકના દુઃખની ગંધ નહિ, રાગમાં ધર્મની ગંધ નહિ, પરમાણુમાં પીડાની ગંધ નહિ, સૂર્યમાં અંધકારની ગંધ નહિ અને સુખ સ્વભાવમાં સંસારદુઃખની ગંધ નહિ.

પ્રશ્નઃ–આત્માનો જ્ઞાન સ્વભાવ છે તો રાગ કેમ થાય છે ?

ઉત્તરઃ–પોતાના સ્વભાવને ભૂલીને પરને પોતાનું માને છે તેથી પરમાં રાગ કરે છે. નિમિત્તાધીન બુદ્ધિ હોવાથી–રાગાદિમાં એકતાબુદ્ધિ હોવાથી–પર્યાયબુદ્ધિ હોવાથી

રાગ થાય છે. આત્માના દ્રવ્ય–ગુણમાં રાગ કરવાની શક્તિ નથી પણ પર્યાયમાં વિકાર થવાની યોગ્યતાથી થાય છે.

* હું દેવ છું, મનુષ્ય છું, ધનવાન આદિ છું, શરીરાદિ પરદ્રવ્યના કાર્યનો કર્તા છું–એવો મિથ્યાત્વભાવ છે તે અંધકારરૂપ છે, પરદ્રવ્ય સ્વરૂપ છે. અતિશય ધીઠ સ્વરૂપ એવા મિથ્યાત્વભાવનો શુદ્ધ સ્વરૂપના અનુભવથી ક્ષણમાત્રમાં નાશ થઈ જાય છે ને ફરીને કદી ઉત્પન્ન થતો નથી –એવું શુદ્ધ સ્વરૂપના અનુભવનું સામર્થ્ય છે, એવો અનુભવનો મહિમા છે.

પ્રશ્નઃ–શુભભાવમાં ગર્ભિત શુદ્ધતા કહી છે તેમ મિથ્યા શ્રદ્ધાનમાં ગર્ભિત શુદ્ધતા છે?

ઉત્તરઃ–ના, મિથ્યા શ્રદ્ધાની પર્યાય વિપરિત જ છે, તેમાં ગર્ભિત શુધ્ધતા નથી. જ્ઞાનમાં નિર્મળતા ઘણી છે, જ્ઞાનના અંશને નિર્મળ કહ્યો છે ને તે વધીને કેવળજ્ઞાન થાય છે અને શુભમાં ગર્ભિત શુદ્ધતાનો અંશ કહ્યો છે પણ ગ્રંથીભેદ (સમ્યગ્દર્શન) થયા પછી તે શુદ્ધતા કામ કરે છે.

પ્રશ્નઃ–સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની વિધિ શું છે?

ઉત્તરઃ–પરનો કર્તા આત્મા નથી, રાગનો પણ કર્તા નથી, રાગથી ભિન્ન જ્ઞાયક મૂર્તિ છું–એવી અંતરમાં પ્રતીતિ કરવી એ વિધિ છે. અહાહા! આવો સમય મળ્યો છે એમાં તો આત્માને રાગથી જુદો કરી દેવાનો આ કાળ છે.

પ્રશ્નઃ–શુદ્ધિ અને અશુદ્ધિ એક પર્યાયમાં સાથે જ છે?

ઉત્તરઃ–હા, સાધકને શુદ્ધિ અને અશુદ્ધિ એક પર્યાયમાં સાથે હોવા છતાં અશુદ્ધતાનું જ્ઞાન થાય છે તે પોતાનું છે, અશુદ્ધતા પોતાની નથી.

* જયધવલમાં આવે છે કે થાંભલાની એક હાંસ–પહેલ ખ્યાલાં આવતાં આખો થાંભલો ખ્યાલમાં આવી જાય છે તેમ મતિજ્ઞાન કેવળજ્ઞાનનો અવયવ છે, તેથી તે એક અંશનું જ્ઞાન થતાં કેવળજ્ઞાનની પ્રતીત આવી જાય છે. એક અંશના જ્ઞાનમાં આખા અંશીની પ્રતીત આવી જાય છે.

* કરોડપતિઓને ત્યાં પાંચ પાંચ લાખનું તો ફર્નીચર હોય છે એ જોતા તો એમ થઈ ગયું કે અરેરે! આમાંથી નીકળવું (દેહ છોડવો) એ જીવને આકરૂં પડશે!

પ્રશ્નઃ–પૈસા–વૈભવમાં આકર્ષણ શક્તિ બહુ લાગે છે?

ઉત્તરઃ–પૈસા–વૈભવમાં આકર્ષણ કાંઈ જ નથી, એ જીવના મોહની મુર્ખાઈ છે, પાગલ પણું છે, પરમાં મોહ કરીને પોતાનો ભવ બગાડીને ચોરાશીના ભ્રમણમાં ચાલ્યો જાય છે.

પ્રશ્નઃ–આત્મામાં અનંત શક્તિઓ છે તેમાંથી કોઈ શક્તિ એવી પણ હશે કે આત્મા પરદ્રવ્યનું કાર્ય પણ કરે? જેમ

એક ગાયને ચારવા લઇ જાય તેમ બીજાની પણ બે-પાંચ ગાયને સાથે ચારવા લઈ જાય છે, તેમ આત્મા પોતાનું કાર્ય કરે છે તો સાથે શરીરાદિનું પણ કાર્ય કરે તો શું દોષ છે?

ઉત્તરઃ–ભાઈ! સાંભળ, આત્મામાં અનંત શક્તિઓ છે તે પોતાનું સંપૂર્ણ કાર્ય કરે છે અને અન્ય દ્રવ્યથી ભિન્નપણે પોતાને ટકાવી રાખે છે, અન્ય દ્રવ્યો આત્માથી બહાર લોટતા હોવાથી અને અન્ય દ્રવ્યમાં આત્માનો વ્યાપ્ય-વ્યાપક ભાવે અભાવ હોવાથી આત્મા જ્ઞાનાવરણીયકર્મ કે શરીરાદિ અન્ય દ્રવ્યનું કાર્ય કરવા અસમર્થ છે.

પ્રશ્નઃ–સમ્યગ્દ્રષ્ટિનો ઉપયોગ પરમાં હોય ત્યારે સ્વપ્રકાશક છે?

ઉત્તરઃ–સમ્યગ્દ્રષ્ટિનો ઉપયોગ પરમાં હોય ત્યારે પણ સ્વપ્રકાશક છે પણ ઉપયોગરૂપ પર પ્રકાશક વખતે ઉપયોગરૂપ સ્વપ્રકાશક ન હોય અને ઉપયોગરૂપ સ્વપ્રકાશક હોય ત્યારે ઉપયોગરૂપ પર પકાશક ન હોય. પણ જ્ઞાનનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક જ છે.

* ધવલા ભાવ-૧ અને ૧૨ માં આવે છે કે મુનિઓ પંચમહાવ્રતને "ભક્તિ" એટલે ભોગવે છે તેમ કહ્યું છે, પંચ મહાવ્રતને કરે છે કે પાળે છે તેમ નહિ, પણ ભોગવે છે. જેમ જગતના જીવો અશુભ રાગને ભોગવે છે તેમ મુનિઓ શુભ રાગને ભોગવે છે. સમયસાર આદિ અધ્યાત્મશાસ્ત્રમાં તો તેમ આવે પણ વ્યવહારના ગ્રંથ ધવલામાં પણ મુનિઓ પંચમહાવ્રતના શુભ રાગને ભોગવે છે તેમ કહ્યું છે. શુભ રાગને કરે કે પાળે તેમ નહિ.

* ભગવાનની દિવ્યધ્વનિ સાંભળીને ભવ્ય જીવો સંશય નિવારણ કરે છે. આ પરમેશ્વર ચૈતન્ય તત્ત્વનો રસ લગાડવો જોઈએ.

પ્રશ્નઃ–રસ લગાડવાથી શું લાભ થાય?

ઉત્તરઃ–ચૈતન્ય તત્ત્વનો રસ લગાડવાથી આત્મામાં સંસ્કાર પડે છે, સંસ્કાર દ્રઢ થાય છે.

પ્રશ્નઃ–સંસ્કારથી લાભ થાય?

ઉત્તરઃ–ભેદજ્ઞાનના સંસ્કાર દ્રઢ થતાં થતાં ફડાક દઈને સ્વાનુભવ થઈ જાય છે.

પ્રશ્નઃ–એકદમ આત્મામાં કેમ જવાય?

ઉત્તરઃ–રાગથી જુદો પડતા એકદમ આત્મામાં જવાય છે. આ હું નહિ, આ હું નહિ, રાગ તે હું નહિ ને આ જ્ઞાનમૂર્તિ તે જ હું એમ અંદર ચાલતાં ચાલતાં આત્મામાં આવી જવાય છે પણ એ વાતો બહુ આકરી છે, અલૌકિક છે છતાં અંદર પ્રયત્નથી થઈ શકે તેવી છે.

* દરેક આત્મા ભગવાન સ્વરૂપ છે, પ્રજ્ઞા બ્રહ્મ સ્વરૂપ ચૈતન્ય રસકંદ છે, અહાહા! અત્યારે ચોમાસામાં તો લીલોતરી ઘાસ ઢગલાબંધ થયા છે, તેના ઉપર વિના

કારણ પગ દઈને કચરીને ચાલવું તે ન હોય હો ભાઈ! એ એક જીણી કટકીમાં અસંખ્યાત જીવો છે તે બધાય ભગવાન સ્વરૂપ છે.

* ભીંત ઉપર ચીતરામણ કરે છે તેમ જીવસ્થાન, માર્ગણાસ્થાન, ગુણસ્થાન આદિ બધા પુદ્ગલની ચીતરામણ છે તે ચૈતન્યના પરિણામ નથી.

પ્રશ્નઃ–સંયમલબ્ધિ સ્થાનને પુદ્ગલના પરિણામ કહ્યાં છે તો તે સરાગ સંયમ લેવો કે વીતરાગ સંયમ?

ઉત્તરઃ–સંયમ સરાગ હોતો નથી; વીતરાગી સંયમ છે, શુદ્ધ પર્યાય છે પણ એ ભેદ પડે છે ને તેના ઉપર લક્ષ કરતાં રાગ થાય છે તેથી તેને પુદ્ગલના પરિણામ કહ્યાં છે. જીવ તો એકરૂપ અભેદ અખંડ છે તેમાં ભેદ પડતાં જેટલા પરિણામ જીવસ્થાન, માર્ગણાસ્થાન, ગુણસ્થાનના થાય તે બધા પુદ્ગલની ચીતરામણ છે, જીવના નથી તેમ નિઃસંદેહ જાણ તેમ કહે છે.

* આખી દુનિયાથી ઉદાસ થઈને ગુણસ્થાન આદિના ભેદોથી પણ ઉદાસ થઈને અંદરમાં ચૈતન્યશક્તિનો અનુભવ કરવો એ એક જ કરવા યોગ્ય છે. એ અનુભવ પરના ઉપદેશથી કે પરલક્ષી જ્ઞાનથી પ્રગટ થતો નથી પણ અંદર તળમાંથી, આત્માની ધખશથી, આત્માની સન્મુખ થવાથી અતીન્દ્રિયજ્ઞાનથી પ્રગટ થાય છે.

પ્રશ્નઃ–કેરીનો સ્વાદ આત્માને આવે છે તેમ આત્માના અનુભવનો સ્વાદ કેવો હોય?

ઉત્તરઃ–કેરી તો જડ છે, જડ કેરીનો સ્વાદ આત્માને આવતો નથી. કેરીના મીઠા રસનું જ્ઞાન થાય છે અને કેરી ઠીક છે એવી મમતાના રાગનો દુઃખરૂપ સ્વાદ આત્માને આવે છે. આત્માના અનુભવનો જે અતીન્દ્રિય આનંદ આવે છે તે આનંદ વચન અગોચર છે, અનુભવગમ્ય છે.

**'અનુભવ રત્ન ચિંતામણિ,**
**અનુભવ હૈ રસકૂપ,**
**અનુભવ મારગ મોક્ષનો,**
**અનુભવ હૈ મોક્ષસ્વરૂપ. '**

પ્રશ્નઃ–પુણ્ય–પાપના ભાવને જડ કેમ કહેવામાં આવે છે?

ઉત્તરઃ–પુણ્ય–પાપના ભાવમાં ચેતન નથી તેથી તેને જડ કહે છે, પુણ્ય–પાપ તે સ્પર્શ–રસ –ગંધવાળા જડ નથી પણ તેમાં જાણવાપણું નથી. સમયસારમાં જીવ–અજીવ અધિકારમાં તેને અજીવ કહ્યાં છે અને કર્તા–કર્મ અધિકારમાં તેને જડ કહ્યાં છે. પુણ્ય–પાપ ભાવમાં જ્ઞાન નથી તે અપેક્ષાથી તેને જડ કહેવામાં આવે છે.

* જેમ ઘડાને 'ઘીનો ઘડો' તેમ કહેવાનો વ્યવહાર છે તોપણ ઘડો ઘીમય નથી, માટીમય છે. તેમ દેવ જીવ, મનુષ્ય જીવ, રાગી–દ્વેષી જીવ, જીવસ્થાન આદિવાળો તે જીવ એમ કહેવાનો વ્યવહાર છે, તોપણ પરમાર્થથી જીવ, શરીરવાળો રાગ–દ્વેષવાળો કે પુણ્ય–પાપવાળો નથી, જીવ

તો જ્ઞાનાનંદમય વિજ્ઞાનઘનસ્વરૂપ સમજણનો પિંડ છે. ઘડો ઘીમય નથી તેમ જીવ પુણ્ય–પાપવાળો નથી, પુણ્ય–પાપના ભાવ પુદ્‌ગલમય છે ને જીવ તો શુદ્ધ ચૈતન્યઘનસ્વરૂપ છે.

પ્રશ્નઃ–જીવને શરીરવાળો કે રાગવાળો કહેવો એ તો વ્યવહારથી કથન છે પણ જીવને સમ્યગ્દર્શનવાળો તો કહેવાય ને?

ઉત્તરઃ–જીવને સમ્યગ્દર્શનવાળો કહેવો એ પણ પર્યાયથી કથન છે, જીવ તો વિજ્ઞાનઘન સ્વરૂપ છે. સમ્યગ્દર્શન પર્યાય તો એક અંશ છે, ને જીવ ત્રિકાળી વિજ્ઞાનઘન સ્વરૂપ છે.

* દરેક દ્રવ્યના પરિણામ છે તે કર્મ છે અને તે કર્મરૂપ પરિણામ પરિણામી દ્રવ્યના આશ્રય વિના હોતા નથી, તેમ જ તે પરિણામરૂપ અવસ્થાની એકરૂપ સ્થિતિ રહેતી નથી, પરિણામનો જ એવો સહજ સ્વભાવ છે કે તે એકરૂપ ન રહેતા ભિન્ન ભિન્ન અવસ્થારૂપે થાય. પરિણામની એક રૂપ સ્થિતિ રહેતી નથી એટલે નિમિત્ત આવે તેવી અવસ્થા થાય એ વાત ખોટી છે. વસ્તુના પરિણામનું જ સ્વરૂપ એવું છે કે તેની એકરૂપ સ્થિતિ–અવસ્થા રહેતી નથી. અગ્નિ આવી માટે પાણી ગરમ થયું છે એમ જોનારની સંયોગી દ્રષ્ટિ છે, ખરેખર પાણીની સ્થિતિ એકરૂપ રહેતી નથી તેથી પાણી પોતાથી જ ઠંડી અવસ્થા બદલી ગરમરૂપે થયું છે. અગ્નિના કારણે ગરમ થયું નથી. આમ દરેક દ્રવ્યના પરિણામની એકરૂપ સ્થિતિ ન રહેવી તે તેનો પોતાનો સ્વભાવ છે.

* જેમ શરીરને એકરૂપ અજ્ઞાનથી અનુભવવા છતાં શરીર આત્માથી એકરૂપ થતું નથી, તેમ રાગાદિ વિભાવભાવને એકરૂપ અનુભવવા છતાં એકરૂપ થતા નથી, કેમ કે વિભાવને અને શુદ્ધસ્વભાવને ઘણું અંતર છે, ઘણો મોટો ભેદ છે છતાં અનાદિથી રાગ સાથે એકત્વબુદ્ધિ ચાલી આવે છે તે ઘણો અચંભો છે, ઘણું આશ્ચર્ય છે. રાગ અને આત્માને એકરૂપ અનુભવવો તે થોડું વિપરીતપણું નથી પણ ઘણું વિપરીતપણું છે. ચૈતન્યસ્વભાવ આનંદકંદ છે તેમાં રાગાદિ પરિણામ નથી, રાગાદિ ભાવો તે પુદ્‌ગલનો રંગ છે છતાં તેને પોતાના માને છે એવાં પુણ્ય–પાપ રાગના લોલુપી જીવો મિથ્યાદ્રષ્ટિ છે. રાગમાં એકતાબુદ્ધિના સંસ્કાર છે તે ચોરાશી લાખ યોનિમાં રખડવાનું મૂળીયું છે.

પ્રશ્નઃ–ઇષ્ટોપદેશમાં આવે છે કે જીવ અને દેહને જુદા જાણવા તે બાર અંગનો સાર છે, એટલે શું?

ઉત્તરઃ–જીવ અને દેહને–પુદ્‌ગલને જુદા જાણે એટલે વિકાર પણ આત્માના સ્વભાવથી જુદો છે તેમ તેમાં આવી જાય છે. પુદ્‌ગલથી અને વિકારથી ભિન્ન આત્માના સ્વભાવને જાણવો –અનુભવવો તે બાર

અંગનો સાર છે. બાર અંગમાં આત્માની અનુભૂતિ કરવાનું કહ્યું છે.

પ્રશ્નઃ–આ પરમાગમમંદિર આદિને કોઈ જીવે કર્યાં વિના એની મેળે થઈ ગયા છે તો જીવે કાંઈ કર્યું નથી ?

ઉત્તરઃ–પુદ્ગલો તેના સ્વકાળે પરિણમીને પરમાગમમંદિર આદિ રૂપે થયા છે, જીવે તેમાં કાંઈ કર્યું નથી. જીવે પોતામાં શુભભાવ કર્યાં હતા પણ તેનાથી થયું નથી. પરમાણુઓ સ્વતંત્રપણે કર્તા થઈને પરમાગમમંદિર આદિ કાર્યરૂપ થયા છે.

* દરેક દ્રવ્યની પયાર્ય તેના સ્વકાળે ષટકારકથી સ્વતંત્ર જ પરિણમે છે. આ સૂક્ષ્મ વાત છે, જૈનદર્શન વસ્તુસ્થિતિનું વર્ણન કરે છે.

પ્રશ્નઃ–જીવનો પર્યાય સ્વકાળે જ થાય તો તેમાં પુરુષાર્થ ક્યાં રહ્યો ?

ઉત્તરઃ–જીવનો પર્યાય સ્વકાળે સ્વતંત્ર પરિણમે છે અને એ ક્રમબદ્ધ જ છે એવો નિર્ણય કરે તે અકર્તા થાય અને અકર્તા થયો તે જ પુરુષાર્થ છે. અકર્તાપણું જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવના આશ્રયે થાય છે તેમાં અનંત પુરુષાર્થ આવે છે. ક્રમબદ્ધનો નિર્ણય સ્વભાવ સન્મુખના અનંત પુરુષાર્થ પૂર્વક જ થાય છે.

પ્રશ્નઃ–સમ્યગ્દર્શન થયા પછી સાધુપણા માટે વ્રતાદિ તો કરવા પડશે ને ?

ઉત્તરઃ–ભાઈ ! સાધુપણું બહારથી કે વ્રતાદિના વિકલ્પોથી આવતું નથી, અતીન્દ્રિય આનંદની જમવટ થાય તે સાધુપણું છે, પણ વ્રતાદિ કરવા પડે તે સાધુપણું નથી. આનંદની ઉગ્ર જમવટ થતાં વ્રતાદિના વિકલ્પો પણ સહજ હોય છે. પણ અંદરમાં સ્થિરતા થવી તે સાધુપણું છે.

* વિકારી દ્રષ્ટિ છે તે પર્યાયથી પોતાથી છે અને તેમાં દ્રવ્ય છે તે નિમિત્તમાત્ર છે, નિમિત્ત એટલે ઉપસ્થિતિમાત્ર છે. ઉપાદાન વિકારીદ્રષ્ટિ પોતે છે અને બાહ્ય કર્મ છે તે તેનું ખરું નિમિત્ત છે, ઉપાધિભાવમાં સ્વદ્રવ્ય ખરું નિમિત્ત નથી તેથી કહ્યું છે કે વિપરીતતામાં અનાદિથી પુદ્ગલ દ્રવ્ય જ નાચે છે.

* અરે ! એક અડદની દાળ સરખી સદડી ( એકરસ ) થઈ ન હોય તો ઢીંચણીયું ઊડે એટલે કે ક્રોધિત થઈ જાય, એ જીવને કહે કે તું ભગવાન સ્વરૂપ છો ભાઈ ! એ તેને કેમ બેસે ? અરે ભાઈ ! તારું ભગવાન સ્વરૂપ તેં ઢીંચણીયે કચરી નાખ્યું ! પણ એ કચરાય એવું નથી; એ વખતે પણ તારું ભગવાન સ્વરૂપ તો એવું ને એવું જ પડયું છે, તેને અંદરમાં જઈને જો ભાઈ ! તારું ઉત્તમ ધામ જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેને એક વાર ઊંડી તાલાવેલીથી અંદર જોવા જા ! તેમાં શરીર, વાણી તો નથી પણ પુણ્ય–પાપના ભાવો પણ નથી, એવો આનંદ સ્વરૂપ ભગવાન તું છો.

પ્રશ્નઃ–આત્મા જાણવાની કોશીષ કરીએ છીએ

છતાં આત્મા જાણવામાં કેમ નથી આવતો ?

ઉત્તરઃ–સાચી કોશીષ કરી નથી, કોશીષ ઊંધી કરે છે, પુણ્યમાં એકતા કરે છે, રાગમાં એકતા કરી લાભ માને છે, વ્રતાદિમાં લાભ માની અભિમાન કરે છે એ બધા પ્રકારની વિપરીત બુદ્ધિ છોડીને જ્ઞાયકમૂર્તિ આત્માની સન્મુખ દેખે ત્યારે આત્મા જાણવામાં આવે છે.

* શ્રીમદ્ રાજચંદ્ર પણ કહ્યું છે ને !–

'કોઈ ક્રિયા જડ થઈ રહ્યાં,
શુ ષ્ક જ્ઞા ન માં કોઈ,
માને મારગ મોક્ષનો,
કરુણા ઉપજે જોઈ .'

કોઈ ઉપર દ્વેષ નહિ કરવો, વિપરીત દ્રષ્ટિવાળાને જોઈને જ્ઞાનીને કરુણા થાય છે, દ્વેષ કરતા નથી.

પ્રશ્નઃ–આપ જ્ઞાયકસ્વભાવનો બહુ મહિમા કરો છો પણ તે યુક્તિથી ખ્યાલમાં કેમ આવે ?

ઉત્તરઃ–જેનો જે સ્વભાવ હોય તે કદી અપૂર્ણ હોઈ શકે નહિ. જેમ લીંડીપીપર તેના તીખા સ્વભાવથી પરિપૂર્ણ છે, અગ્નિ તેના ઉષ્ણ સ્વભાવથી પરિપૂર્ણ છે તો જગતના જાણનાર જ્ઞાયકસ્વભાવની પરિપૂર્ણતાનું શું કહેવું ? એમ આત્માના સ્વભાવનો યુક્તિથી વિશ્વાસ આવવો જોઈએ.

પ્રશ્નઃ–એ વિશ્વાસ કેમ આવે ?

ઉત્તરઃ–જો જ્ઞાન આત્માનો પરિપૂર્ણ સ્વભાવ ન હોય તો અપૂર્ણતા ટળીને પૂર્ણતા આવશે ક્યાંથી ? અનંતા સિદ્ધોએ અલ્પજ્ઞતા ટાળીને પરિપૂર્ણતા પ્રગટ કરી છે માટે જ્ઞાન તે આત્માનો પરિપૂર્ણ સ્વભાવ છે તેમ વિશ્વાસ કરવો.

* જળ અને કાદવ જે કાળે એકપણે મળેલા દેખાય છે તે જ કાળે જળના સ્વભાવથી અનુભવ કરવામાં આવે તો કાદવ જળથી ભિન્ન છે તેમ જણાય છે, તેવી રીતે સંસાર અવસ્થામાં ભાવકર્મ દ્રવ્યકર્મ જીવથી એકપણે દેખાય છે તો પણ તે જ અવસ્થામાં તે જ કાળે જીવના સ્વભાવથી અનુભવ કરવામાં આવે તો ભાવકર્મ–દ્રવ્ય–કર્મથી ભિન્ન જીવ સ્વરૂપને અનુભવવામાં આવે છે અને એ જીવ સ્વરૂપને અનુભવમાં જે સમ્યક્ પ્રતીત થાય છે તે પ્રતીત ગણધર જેવી છે.

* 'ચાંદીની તરવાર' એમ કહેવામાં આવે છે તોપણ તરવાર લોખંડની છે અને તે ચાંદીના મ્યાનથી ભિન્ન છે. તરવાર ચાંદીની નથી, મ્યાન ચાદીનું છે. તેમ દેહ–મન –વાણી–પુણ્ય–પાપના ભાવો તે બધા જીવના કહેવામાં આવે છે તોપણ તે પુદ્ગલથી રચાએલા છે, જીવના નથી. જીવ તેનાથી ભિન્ન છે. લોકો મ્યાનને દેખે છે પણ અંદર રહેલી તરવારને દેખતા નથી તેમ દેહ–મન–વાણી શુભાશુભ પરિણામને જ લોકો જીવરૂપે દેખે છે પણ જીવ તેનાથી ભિન્ન જ્ઞાયકમૂર્તિ છે તેને દેખતા નથી.

* યોગીન્દ્રદેવે તો ચોક્ખું કહ્યું છે કે હિંસા–જૂઠું–ચોરી આદિ તો પાપ ભાવ છે પણ દયા–દાન–પૂજા–ભક્તિ આદિનો શુભરાગ પણ પરમાર્થે પાપ છે, કેમ કે સ્વરૂપમાંથી પતિત કરે છે ને! અહાહા! પાપને તો પાપ સૌ કહે છે પણ અનુભવી જીવ તો પુણ્યને પણ પાપ કહે છે. બહુ ઝીણી વાત છે, અંતરથી સમજે તો સમજાય તેવી છે.

* ભગવાન કહે છે કે બધા આત્માઓ ભગવાન સ્વરૂપ છે તેમ જો! પર્યાયને ન જો! એ બધા આત્મા ભગવાન સ્વરૂપ ક્યારે દેખાય?–કે પોતે પોતાને ભગવાન સ્વરૂપ દેખે–અનુભવે ત્યારે બીજા આત્માઓ પણ ભગવાન સ્વરૂપે દેખાય છે.

* ચૈતન્યના ધ્રુવતળમાં (તળીયામાં) તો જ્ઞાન ને આનંદ ભર્યા છે. એના તળીયે જઈને સમ્યગ્દ્રષ્ટિ તાગ લઈ આવે છે. જેવો આનંદ સ્વરૂપ આત્મા છે એના આનંદનો નમૂનો લાવતાં પ્રતીત આવી જાય છે. આત્માના આનંદરસ પાસે ચક્રવર્તીના રાજ્ય પણ તુચ્છ લાગે. ઇન્દ્રના ઇન્દ્રાસન પણ ઘૃણામય ચીજ જેવા લાગે, વૈભવોમાં ક્યાંય વિસ્મયતા ન લાગે, એક ચૈતન્યનો ચમત્કાર જ વિસ્મયકારી લાગે છે.

પ્રશ્નઃ–જ્ઞાનીને દુઃખ જણાય છે કે વેદાય છે?

ઉત્તરઃ–જ્ઞાનીને દુઃખ જણાય છે ને વેદાય પણ છે. જેમ આનંદનું વેદન છે તેમ જેટલું દુઃખ છે એટલું દુઃખનું પણ વેદન છે.

પ્રશ્નઃ–સમ્યગ્દ્રષ્ટિ નિર્વિકલ્પ હોય છે ત્યારે જ આનંદને અનુભવે છે ને બાકીનો કાળ તો પ્રમાદમાં જ હોય છે ને?

ઉત્તરઃ–સમ્યગ્દ્રષ્ટિ સદાકાળ શુદ્ધતામાં જ વર્તે છે, ભલે નિર્વિકલ્પ ઉપયોગ ન હોય ને રાગમાં પ્રવૃત્તિ કરતો હોય, ખાવા–પીવા–સૂવામાં કે પૂજા–ભક્તિ–શ્રવણ આદિ બાહ્ય ઉપયોગમાં–રાગમાં વર્તતો હોય, છતાં ત્યારે પણ શુદ્ધતામાં જ વર્તે છે. અંતરદ્રષ્ટિ તો સ્વભાવમાં જ પડી છે, તેથી રાગની પ્રવૃત્તિ હોવા છતાં એ રાગને દ્રષ્ટિના જોરમાં ગણવામાં આવતો નથી. તેથી સમ્યગ્દ્રષ્ટિ સદાકાળ અનુભૂતિમાં જ વર્તે છે, શુદ્ધપણારૂપ જ વર્તે છે તેમ કહેવામાં આવે છે. સમ્યગ્દ્રષ્ટિ સ્વરૂપમાં જાગૃત થયો છે તે નિરંતર જાગૃત જ છે, શ્રેણીક આદિ નરકમાં છે તે શુદ્ધપણામાં જ વર્તે છે રાગમાં નહિ, રાગ આવે છે તેને જાણે છે પણ તેમાં વર્તતા નથી. *

## -: ગતાંકની શુદ્ધિ :-

| પાનું | | લાઇન | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૧૫ | જમણી કોલમ | ૨૪ | ખાસ | ખાય |
| ૨૪ | ,, | ૬ | સમ્યક્ | શ્રેણી |
| ૨૪ | ,, | ૮ | સમ્યક્ | શ્રેણી |
| ૨૪ | ,, | ૧૦ | પાંચ | ચાર |
| ૨૪ | ,, | ૧૧ | ક્ષયોપશમ | ઉપશમ અને ક્ષયોપશમ |

[ દુઃખથી છૂટવાનો ઉપાય........ પાનું ૮ થી ચાલુ ]

પર્યાય–પર્યાય તરીકે છે, પર્યાય નથી એમ નથી, પણ પર્યાયમાં જ્ઞાયક આવે છે તેમ નથી. વસ્તુ તરીકે જોતાં પર્યાયમાત્ર જૂઠી છે, આત્મા પુણ્ય–પાપપણે હો કે સંવર–નિર્જરા–મોક્ષપણે હો, તે પર્યાયમાં છે. પરિણમન અપેક્ષાએ તે પરિણામ છે એ વાત બરાબર છે. નવરૂપ પરિણમનમાં કેટલીક શુદ્ધ પર્યાય છે કેટલીક અશુદ્ધ પર્યાય છે, તે જીવના પરિણામ છે, તે ક્યાંકથી થયા છે તેમ નથી, તે પણ જીવના પરિણામ છે. નવરૂપે જીવ પરિણમન કરે છે પણ તે સમ્યગ્દર્શનનો વિષય નથી, જાણન–દેખન સ્વભાવમાત્ર અપેક્ષાએ દેખવામાં આવે તો નવરૂપ પરિણમન જૂઠા છે એથી શુદ્ધ જીવવસ્તુ સમ્યગ્દર્શનનો વિષય છે.

નવતત્ત્વરૂપ પરિણમન પર્યાય તરીકે સાચું છે પણ જાણન–દેખન સ્વરૂપ ભગવાન આત્માની દ્રષ્ટિએ જુઓ તો નવરૂપ પરિણમન જૂઠા છે. પર્યાયનું જ્ઞાન કરાવ્યું કે તે છે, પણ તેની દ્રષ્ટિ કરો, પર્યાયનું લક્ષ કરો તો તે પર્યાયદ્રષ્ટિ છે. ભેદરૂપ નવતત્ત્વ તે સમ્યગ્દર્શનનો વિષય નથી, સમ્યગ્દર્શનનું ધ્યેય નથી, તે આશ્રય કરવા લાયક નથી. તે છે એટલું જ્ઞાન કરી ચેતનાસ્વભાવમાત્રનો આશ્રય કરવાનો છે. ચેતનાસ્વભાવમાત્રનો અનુભવ કરતાં અભેદમાં ભેદ નથી તેથી નવરૂપ પરિણમન જૂઠા છે.

જાણન–દેખન સ્વભાવમાત્રની દ્રષ્ટિ કરતાં નવરૂપ પરિણમન અભેદમાં તો છે નહીં, ચેતનાસ્વભાવમાત્ર વસ્તુમાં ભેદ તો છે નહીં તેથી તેને જૂઠા કહી દીધા. પર્યાય પર્યાય તરીકે સત્ય છે, પણ લક્ષ કરવા માટે જૂઠી છે. દયા–દાન આદિ તો રાગ છે, તે લક્ષ કરવા લાયક નથી પણ સંવર–નિર્જરા તે પણ લક્ષ કરવા લાયક નથી, જાણવા લાયક છે.

ચેતનામાત્રનો અનુભવ કરવામાં આવે તો પર્યાયના ભેદો જૂઠા છે. જેમ અગ્નિ લાકડા આદિને બાળે છે તે દ્રષ્ટિથી જુઓ તો લાકડાનો અગ્નિ આદિ આકૃતિ અપેક્ષાએ બરાબર છે, પણ અગ્નિને ઉષ્ણતામાત્ર દ્રષ્ટિથી જુઓ તો તે આકૃતિ જૂઠી છે. તેમ નવરૂપ પરિણમન પર્યાય અપેક્ષાએ સાચું છે પણ જેમાં દ્રષ્ટિ દેવી છે, જેના આશ્રયે સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્ર થાય છે, તેની દ્રષ્ટિથી જોતાં એટલે કે ચેતનામાત્રની દ્રષ્ટિથી દેખતાં નવરૂપ પરિણમન જૂઠા છે, કેમ કે ચેતનાસ્વભાવમાત્રનો અનુભવ કરતાં તેમાં ભેદો નથી. ત્રિકાળી જાણન–દેખન– જ્ઞાતા–દ્રષ્ટા ચેતનામાત્ર ભગવાન આત્માને દેખતાં એક સમયની જીવની પર્યાય જૂઠી છે, પર્યાય દ્રષ્ટિથી જુઓ તો સાચી છે. વ્યવહારનયથી વ્યવહાર ભૂતાર્થ છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ સાચો છે પર્યાયદ્રષ્ટિથી તે ભૂતાર્થ છે પણ દ્રવ્ય દ્રષ્ટિથી–ધ્યેયની અપેક્ષાથી તે અભૂતાર્થ છે.

# પ્રત્યેક વસ્તુ અન્ય વસ્તુની બહાર લોટે છે

[ શ્રી સમયસાર, કલશ-૨૧૩, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ લોકમાં એક વસ્તુ અન્ય વસ્તુની નથી, એક રજકણ બીજા રજકણના નથી, માટે અન્ય વસ્તુને અન્ય વસ્તુ પલટાવી શકતી નથી. છએ દ્રવ્યનું પરિણમન તે તેના જન્મક્ષણથી થયું છે. સમ્યગ્દર્શન થયું તે તેની જન્મક્ષણ છે, તે કાર્યનો તે જ કાળ છે, તે સ્વકાળ છે, તે કાર્ય પરને લઈને થયું નથી.

આત્મા વસ્તુ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે, નવી નવી પર્યાય થવી તે તેનું સ્વરૂપ છે, પણ તે નિમિત્તથી થઈ છે એમ નથી. હું ત્રિકાળી આનંદસ્વરૂપ છું -એવું જ્ઞાન ન હતું ને એવો શબ્દ સાંભળીને જ્ઞાન થયું તો કહે છે કે તે પર્યાયનો તે કાળ હોવાથી તે પ્રકારે તે જ્ઞાન થયું છે. વસ્તુ સ્થિતિ ખરેખર એ જ રીતે છે. એક પરમાણુ બીજા પરમાણુને પલટાવી ન શકે. એક પરમાણુ જીવની પર્યાયને પલટાવી ન શકે. કુંભાર છે તે ઘડાને કરે છે એમ નથી, કેમ કે કુંભાર છે તે ઘડાની બહાર લોટે છે, ઘડાને સ્પર્શ્યો જ નથી તો કરે શી રીત? ખરેખર તો રાગને કરવાની પણ જીવમાં શક્તિ નથી કેમ કે રાગને કરે એવી કોઈ શક્તિ તેમાં નથી. જો એક વસ્તુ બીજી વસ્તુને પરિણમાવી શકે તેમ હોત તો વસ્તુનું વસ્તુપણું જ ન રહે.

અહીં તો કહે છે કે આત્માના આશ્રયે સમ્યગ્દર્શન થયું એ પછી દયા-દાનાદિનો રાગ થયો તેને જાણે તેમ કહેવું તે વ્યવહાર છે, રાગ છે માટે તેનું જ્ઞાન થયું છે તેમ નથી, જ્ઞાન તો તે સમયની પોતાની યોગ્યતાથી જાણે છે. ત્રણ લોક છે માટે કેવલજ્ઞાન તેને જાણે છે એમ નથી, જ્ઞાન પોતાની યોગ્યતાથી જાણે છે.

અગ્નિ પાણીને ગરમ કરી શકતું નથી, જો એમ ન હોય તો વસ્તુ વસ્તુપણે રહી શકે નહીં. એ રીતે એક વસ્તુ અન્ય વસ્તુને પરિણમાવી શકતી નથી ત્યાં એક વસ્તુ અન્યનું શું કરી શકે? આત્મા છે તે પુદ્ગલની પર્યાયને શી રીતે પરિણમાવે? કર્મના રજકણો, શરીરના રજકણો જીવ સાથે એક ક્ષેત્રે રહ્યા છતાં તે અનંત રજકણો જીવને જડ નથી કરી શકતા. એક આત્મા અને અનંત રજકણો એક ક્ષેત્રે રહ્યા છતાં એક આત્માને તેઓ જડરૂપે કરી શકતા નથી.

આ રીતે બીજા અનંતા પરદ્રવ્યોને અને આત્માને વ્યવહારે જ્ઞેય–જ્ઞાયકસંબંધ હોવા છતાં પરજ્ઞેયો જાણનાર જ્ઞાયકને કાંઈ કરી શકતા નથી. જડને જ્ઞેય તરીકે જ્ઞાન જાણે પણ જડજ્ઞેય જ્ઞાયકને જ્ઞાન કરાવતું નથી, જ્ઞેયો જાણનારને જાણવાની પર્યાય કરાવતું નથી.

વ્યવહારે જ્ઞેયજ્ઞાયકસંબંધ હોવા છતાં જ્ઞેયો જ્ઞાયકમાં જાણવાનું કાર્ય કરાવી શકતા નથી. કર્યાં વિના કાંઈ થતું નથી. કાર્ય છે તે કર્તા વિના હોય નહીં, પણ કર્તા કોણ ?–તેની આ વાત ચાલે છે. જડની પર્યાય તે કર્મ એટલે કે કાર્ય છે, તે નિશ્ચયથી પર્યાય છે અને તેનો કર્તા જડ છે. પરમાણુના કાર્યનો કર્તા પરમાણુ છે, તે કાર્ય આત્માનું નથી, કેમ કે–જો એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યથી થાય તો અનંત દ્રવ્યોનું સ્વતંત્રપણું ન રહેતાં દ્રવ્યનું અસ્તિત્વ જ રહેતું નથી.

આત્માના પરિણામનો કર્તા આત્મા જ છે અને પરમાણુના કાર્યનો કર્તા પરમાણુ છે ત્યારે કહે છે કે સંયોગ આવતાં અવસ્થા બદલતી દેખાય છે ને ?–કે એ તો પ્રત્યેક પદાર્થની અવસ્થારૂપ બદલવું તે પદાર્થનું પોતાનું સ્વતંત્ર કાર્ય છે, સંયોગો અવસ્થા બદલતું નથી.

જ્ઞાન જ્ઞેયને જાણે કે આ શરીર છે ઇત્યાદિ, છતાં તે જ્ઞેયો આત્માને જ્ઞાન કરાવે છે તેમ નથી. જ્ઞાનમાં ઘડો જણાયો ત્યાં ખરેખર ઘડો નથી જણાયો પણ ઘડાસંબંધી પોતાના જ્ઞાનને જાણે છે, છતાં તે જ્ઞાનને ઘડાએ કર્યું નથી. જ્ઞાનની પર્યાયનો કર્તા જ્ઞાન એટલે કે આત્મા છે, પરદ્રવ્યોનું–જ્ઞેયોનું તે કાર્ય નથી. ભગવાનની દિવ્ય ધ્વનિ કાને પડે તેથી તે શબ્દોથી તેવું જ્ઞાન થયું એમ નથી. ખરેખર તો ભગવાનની વાણીમાં દિવ્યધ્વનિ છૂટે છે છતાં પૂછનારે જે પૂછયું તેનું જ તેને જ્ઞાન થયું પણ તે જ્ઞાન વાણીના કારણે થયું નથી. દિવ્યધ્વનિની ઉપસ્થિતિ હતી, નિમિત્ત હતું, નિમિત્ત નથી તેમ નથી, પણ નિમિત્ત છે તે પરમાં કાંઈ કરતું નથી. વાણી નિમિત્ત હોવા છતાં વાણીથી જ્ઞાન થયું છે તેમ નથી. ભગવાનના દર્શન થતાં આ ભગવાન છે એમ જ્ઞાન થવાં છતાં ભગવાનને લઈને આ ભગવાન છે એમ જ્ઞાન થયું છે એમ નથી.

કર્મે રાગ તો કરાવ્યો નથી પણ કર્મનું જ્ઞાન થયું તે જ્ઞાન પણ કર્મે કરાવ્યું નથી. ભાઈ ! તારા જ્ઞાનની પર્યાયનો કર્તા તો તું જ છો, જ્ઞેયસંબંધી જ્ઞાનનો કર્તા જ્ઞેય નથી. ચશ્માથી જ્ઞાન થયું છે એમ નથી. લોકાલોકને જ્ઞાન જાણે પણ લોકાલોક

છે માટે જ્ઞાન થયું છે તેમ નથી, કેમ કે જો લોકાલોકથી જ્ઞાન થયું હોય તો બધા જીવોને લોકાલોકનું જ્ઞાન થવું જોઈએ. લોકાલોક છે માટે સર્વજ્ઞ છે તેમ નથી અને સર્વજ્ઞે દીઠું છે માટે જ્ઞેયોમાં એવું પરિણમન થાય છે એમ પણ નથી. જ્ઞેયજ્ઞાયક સંબંધ હોવા છતાં જ્ઞેય જ્ઞાનનું કાંઈ કરતા નથી. લોકાલોકને જાણવા છતાં લોકાલોક જ્ઞાનનું કાંઈ કરતા નથી. લોકાલોક સંબંધીનું તે જ્ઞાન સ્વયં ઉત્પન્ન થયું છે, માટે તો તેમને ભગવાન કહેવામાં આવે છે.

જે વિકલ્પ ઊઠે છે તેને ધર્મી જાણે છે, વિકલ્પ છે તેને ધર્મી જીવ કરતો તો નથી પણ વિકલ્પ સંબંધી જે જ્ઞાન થયું તેનો કર્તા વિકલ્પ નથી. રાગ આવે છતાં રાગ છે માટે રાગ સંબંધીનું જ્ઞાનીને જ્ઞાન થાય છે તેમ નથી. રાગને ને જ્ઞાનીના જ્ઞાનને જ્ઞેયજ્ઞાયકસંબંધ છે છતાં રાગ છે તે જ્ઞાનનો કર્તા નથી.

આત્મા શરીરને ચલાવે એવો વ્યવહારે પણ કર્તાકર્મસંબંધ નથી પરન્તુ વ્યવહારે જ્ઞેયજ્ઞાયકસંબંધ છે, તોપણ જ્ઞેયને લઈને જ્ઞાન થયું છે તેમ નથી. ક્રોધના કાળે ક્રોધને ભલે આત્મા જાણે પણ ક્રોધનો તે કર્તા તો નથી પણ ક્રોધના કારણે જ્ઞાન થાય છે તેમ પણ નથી. જ્ઞેયો છે માટે જ્ઞેયોને જાણવાનું જ્ઞાન થયું એમ નથી અને જ્ઞેયો છે તેને જ્ઞાન જાણે છે માટે જ્ઞેયો જ્ઞાનમાં કાંઈ ફેરફાર કરી શકે છે તેમ પણ નથી, કેમ કે જ્ઞેયો જ્ઞાનની બહાર લોટે છે.

## સુવર્ણપુરી-સમાચાર :-

સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રી સુખશાતામાં બિરાજી રહ્યાં છે. સવારે શ્રી કલશટીકા, નિર્જરા–અધિકાર, કળશ–૧૩૬ ઉપર તથા બપોરે શ્રી સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર, ગાથા ૩૮૭–૮૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનો ચાલી રહ્યાં છે.

## સૂચના :-

ગુજરાતી 'આત્મધર્મ' નું લવાજમ આ અંક સાથે પૂરું થયું છે. ડીસેમ્બર ૧૯૭૭ થી જૂન ૧૯૭૯ સુધીના ૧૯ માસનું લવાજમ રૂા. ૯/– તુરત મોકલી આપી વ્યવસ્થામાં સહકાર આપશો. કેટલાક ગ્રાહકોએ ભૂલથી રૂા. ૬/– મોકલાવ્યા છે, તેઓએ બાકીના રૂા. ૩/– મોકલી આપવા.

–આત્મધર્મ કાર્યાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર), પીન કોડ– ૩૬૪૨૫૦

# શુદ્ધ જીવવસ્તુની અનુભૂતિની વિધિ

[ શ્રી કલશટીકા, કલશ ૨૯, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

अबतरति न यावद्वृत्तिमत्यन्तवेगा-
दनवमपरभावत्याग दृष्टान्तदृष्टिः।
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता
स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।।

આ આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે, તેને અનુલક્ષીને થતી અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે, તે વિદ્યમાન છે. જેમ વસ્તુ વિદ્યમાન છે તેમ તેનો અનુભવ પ્રગટ કરે ત્યારથી વિદ્યમાન છે. જ્ઞાન પ્રત્યક્ષપણે આત્માને જાણે તેને અનુભૂતિ કહેવામાં આવે છે અને તે સહજ પરિણમનરૂપ છે એટલે કે તે જ્ઞાનાનંદનું સહજ પરિણમન છે.

શક્તિરૂપ ભગવાન આત્મા વિદ્યમાન છે તેની અંતર્મુખ થતાં જે સમ્યગ્દર્શનની પર્યાય થાય તેનું નામ અનુભૂતિ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, તેનાથી અનેરા દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મ તથા જ્ઞાનના જેટલા ભેદો ગુણસ્થાન, માર્ગણાસ્થાન આદિ છે તે ચૈતન્યથી ભિન્ન છે. સ્વભાવભાવ રાગ–દ્વેષ આદિ વિભાવરૂપ ભાવથી વિમુક્ત છે, સર્વથા રહિત છે.

દયા–દાન–પૂજા–ભક્તિરૂપ બધા વિકલ્પો વિભાવભાવ છે, તેનાથી વસ્તુ રહિત છે. મન–વચનથી આ દ્રવ્ય છે, આ ગુણ છે આદિ ભેદ પાડવા તેનાથી શુદ્ધ વસ્તુ ભિન્ન છે. જે વસ્તુ છે તે તો અભેદ શુદ્ધચૈતન્યમાત્ર વસ્તુ છે, તેનાથી અનેરા ભાવો કે આ ગુણ છે, આ દ્રવ્ય છે આદિ મનથી ભેદ ઉઠાવવો તે રાગ છે. વાણીથી આ દ્રવ્ય છે એમ બોલવું કે મનથી વિકલ્પ ઉઠાવવો કે આ દ્રવ્ય છે–એવા વિકલ્પોથી વસ્તુ રહિત છે.

શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે, તેમાં ઉત્પાદ–વ્યય ને ધ્રુવનો વિકલ્પ ઉઠાવવો તે વસ્તુથી અન્ય છે. વસ્તુ અભેદસ્વરૂપ છે તેમાં ભેદ વિચારણા તે પણ રાગ છે, તેનાથી રહિત વસ્તુ શુદ્ધ ચૈતનામાત્ર છે, અને તેનો આસ્વાદ તે અનુભૂતિ છે.

અખંડ પવિત્ર આનંદકંદ પ્રભુથી ભિન્ન દ્રવ્ય કર્મ, ભાવકર્મ ને નોકર્મરૂપ સમસ્ત ભાવનો અનુભૂતિમાં ત્યાગ વર્તે છે. શુદ્ધચૈતન્યમાત્ર વસ્તુની અનુભૂતિમાં ભેદરૂપ

બધા વિકલ્પો જૂઠા છે, અનુભવના કાળમાં વ્યવહાર-ભેદ જૂઠા છે એટલે કે તેનો સ્વભાવમાં અભાવ છે તેનું નામ ત્યાગ છે. શુદ્ધચૈતન્યમાત્રના અનુભવમાં સમસ્ત વિકલ્પો જૂઠા છે એટલે કે આ જીવ છે તેની અપેક્ષાઓ તે બધા અજીવ છે, જૂઠા છે. તેનો સ્વભાવમાં અભાવ છે તે ત્યાગ છે.

જેવી રીતે ધોબીને ત્યાંથી પોતાનું વસ્ત્ર સમજીને લાવીને પહેર્યું ને માન્યું કે તે વસ્ત્ર મારું છે. ત્યારે જેનું તે વસ્ત્ર હતું તેણે વસ્ત્રનો છેડો પકડીને કહ્યું કે 'ભાઈ! આ વસ્ત્ર તો મારું છે' ફરી કહ્યું કે 'આ વસ્ત્ર તો મારું જ છે,' ત્યારે ચિહ્નથી તપાસતાં તેને જાણવામાં આવ્યું કે બરાબર છે, આ વસ્ત્ર મારું નથી. ત્યારે વસ્ત્ર હજુ પહેરેલું હોવા છતાં તેનું સ્વામીપણું-મારાપણું છૂટી ગયું હોવાથી ત્યાગ થઈ ગયો છે.

તેવી રીતે અનાદિ કાળથી જીવ મિથ્યાદ્રષ્ટિપણાને લીધે શુભ-અશુભભાવ પર છે તેને પોતાના માની રહ્યો છે. જે પોતાની ચીજ છે એવા નિજસ્વરૂપને નિજલક્ષણે જાણ્યું નહીં ને અનાદિથી શુભ-અશુભભાવો કે જે પર છે તેને પોતાના જાણી તેમાં પ્રવર્તે છે. તે રાગાદિભાવો મારા લક્ષણો નથી એમ જાણતો નહીં હોવાથી તેને હેય જાણતો નથી. વ્યવહારરત્નત્રયનો રાગ તો હેય છે કેમ કે તે ત્રિકાળી સત્યની અપેક્ષાએ અસત્ય છે, જીવની અપેક્ષાએ અજીવ છે, મિથ્યાદ્રષ્ટિએ તેને પોતાના માન્યા છે; એનો અર્થ કે તેનાથી મને લાભ થશે એમ માન્યું છે તેથી અનંત સંસારમાં રખડી રહ્યો છે. એ રીતે અનંતકાળ સંસારમાં રખડતાં જ્યારે થોડો સંસાર બાકી રહ્યો છે ત્યારે પરમગુરુનો ઉપદેશ મળે છે. કેવા છે પરમગુરુ?-કે સર્વજ્ઞદેવથી માંડીને પરમગુરુ પર્યંત નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે. તેમનો ઉપદેશ કેવો છે?-કે શરીર, સુખ-દુઃખની કલ્પના તથા રાગ દ્વેષ-મોહ કે જેમને તું પોતાના માની રહ્યો છે, તેમાં રત થઇ રહ્યો છે તે તારા નથી. તું જીવસ્વરૂપ છે અને તે અજીવસ્વરૂપ છે તેથી તે તારું સ્વરૂપ નથી-એવો પરમગુરુનો ઉપદેશ છે.

દયા-દાન-વ્રત-ભક્તિનાં ભાવ તે બધો રાગ છે, તે તારા નથી-એમ શ્રીગુરુનો ઉપદેશ વારંવાર સાંભળતાં આ જીવવસ્તુનો વિચાર ઉપજ્યો કે શુભાશુભ રાગ તે વિકલ્પ છે તે જીવનું લક્ષણ નથી, જીવનું લક્ષણ તો જ્ઞાનસ્વરૂપ છે, તેમાં વિકલ્પો છે જ નહીં. ભગવાન જ્ઞાનસ્વરૂપી ચિદ્‌ઘન પવિત્ર છે ને આ બધા વિકલ્પો તો અપવિત્ર છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા કે કામ-ક્રોધ આદિ ભાવો કર્મજનિત ઉપાધિભાવો છે ને મારું સ્વરૂપ તો શુદ્ધ ચિદ્રૂપ છે-આવો નિશ્ચય જે કાળે થયો તે કાળે જ સમસ્ત વિભાવનો ત્યાગ છે. ભલે હજી તે વિભાવો હોય પણ જે કાળે એવો નિર્ણય થયો તે કાળે તેનું

સ્વામીપણું છૂટી જતાં તેનો ત્યાગ છે.

પુણ્ય–પાપના ભાવ તે સ્વાભાવિક ચીજ નથી, તે કર્મસંયોગજન્ય ઉપાધિ છે, કર્મના સંયોગે થયેલ ઉપાધિ છે. હું તો ચિદ્રૂપ સ્વભાવ છું–એવો નિશ્ચય જે કાળે થયો તે કાળે સ્વભાવથી વિરુધ્ધ એવા પુણ્ય–પાપના ઉપાધિ ભાવોનો ત્યાગ છે. જે કાળે આત્માનો નિર્ણય થયો કે હું જ્ઞાનસ્વરૂપ છું તે કાળે સકળ વિભાવનો ત્યાગ છે, ભલે શરીર કે સુખ–દુઃખના નિમિત્તભુત સંયોગ હો તો હો પણ તેનું સ્વામીપણું છૂટી ગયું હોવાથી ત્યાગરૂપ છે.

આત્મા શુદ્ધ સ્વરૂપી છે તેમ સાંભળ્યું ને સાંભળતાં વિચાર ઉત્પન્ન થયો કે હું શુદ્ધસ્વરૂપ છું ને જે કર્મસંયોગે ઉપાધિભાવ છે તે મારું સ્વરૂપ નથી–એમ જ્ઞાનસ્વરૂપ આત્માનો નિર્ણય થયો તે કાળે જ સમસ્ત વિભાવનો ત્યાગ છે, બાહ્યમાં તે કાળે શરીર કે સંયોગો એવા ને એવા રહે; સુખ–દુઃખના સંયોગો ને શરીર એવા ને એવા રહ્યાં પણ સુખ–દુઃખના પરિણામ કે રાગ–દ્વેષ તેવા ને તેવા ન રહ્યાં, કેમ કે તે પરિણામોનું તો સ્વામીપણું છૂટી ગયું છે.

શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થતાં સમસ્ત ઉપાધિભાવનો તેમાં અભાવ છે પણ બહારમાં શું ?–કે બહારમાં તો શરીર કે સુખ–દુઃખના સંયોગ તો જેમ હોય તેમ હોય. છ–ખંડનું સામ્રાજય હોય કે સાતમી નરકનો સંયોગ હોય તે તો સમ્યગ્દર્શન થતાં તેમ ને તેમ રહેશે પણ જે સુખ–દુઃખ અને રાગ–દ્વેષના પરિણામ હતાં તેમાં ફેર પડી ગયો. સમ્યગ્દ્રષ્ટિને પરિણામ સાથે સંબંધ છે પરન્તુ એમ નથી કે અનુભવ થતાં સંયોગો ફરી જાય.

સમ્યગ્દર્શન થતાં વિભાવ ભાવો રહ્યાં છે તોપણ જેવા હતાં તેવા રહ્યા નથી. સંયોગ તેવા ને તેવા હોય પણ પરિણામ તેવા ને તેવા ન હોય. સાતમી નરકનો પ્રતિકૂળ સંયોગ હોય કે ચક્રવર્તીપણાનો અનુકૂળ સંયોગ હોય તે સમ્યગ્દર્શન થતાં ફરી જાય તેમ નથી. સમ્યગ્દર્શનના કારણે સંયોગો ફરી જાય તેમ નથી, પરંતુ સમ્યગ્દર્શન થતાં વિભાવભાવનો ત્યાગ થઈ જાય છે–એટલે ?–કે વિભાવ પરિણામનો અંતરદ્રષ્ટિમાં ત્યાગ થઈ જાય છે. બાહ્યમાં હજુ વિભાવ પરિણામ હોય પણ સમ્યગ્દર્શન થતાં પૂર્વે જેવા વિભાવ પરિણામ હતાં તેવા ને તેવા પરિણામ રહેતાં નથી.

સમ્યગ્દર્શન થતાં સંયોગો જે હોય તે ને તે હોય છે છતાં સ્વામીપણાનો ત્યાગ છે. આનંદના વેદનવાળાને જે દુઃખના પરિણામ હતાં તેટલાં ને તેટલાં, તેવા ને તેવા

પરિણામ રહેતા નથી. સંયોગો તેના તે રહે છતાં વિભાવ પરિણામનો અંતર્દષ્ટિમાં ત્યાગ થઈ જાય છે. તેથી સુખ–દુઃખ આદિના પરિણામ તેવા ને તેવા રહેતાં નથી. વિભાવ પરિણામોનું સ્વામીપણું છૂટી જાય છે અને તેનું નામ જ સમ્યગ્દર્શન છે, અનુભવ છે. અનંત શક્તિનો સાગર હું છું–એવી દ્રષ્ટિ થતા વિભાવભાવનો અંતર્દષ્ટિમાં ત્યાગ થઈ જાય છે ને બહારના સંયોગો તેવા ને તેવા હોય છે પણ તેનું સ્વામીપણું છૂટી જાય છે –તેવા અનુભવને સમ્યગ્દર્શન કહે છે.

ભગવાન આત્માનો અનુભવ થયો છે એવા જીવને અનાદિકાળથી રાગ ને સયોગી ચીજમાં જે એકત્વના પરિણામ ચાલ્યા આવતાં હતા તે તેને રહેતાં નથી; પરવસ્તુના સ્વામીપણાના સંસ્કાર ધર્મી જીવને રહેતા નથી.

રાગ–દ્વેષ–મોહરૂપ પરિણત જીવના અશુદ્ધ સંસ્કાર જે કાળે છૂટી જાય છે તે કાળે અશુદ્ધ પરિણામનો નાશ થઈ જાય છે તેમ નથી પણ અશુદ્ધ પરિણામ રૂપ સંસ્કાર છૂટી જાય છે. શુભરાગ હું છું એવી એકત્વબુદ્ધિ છૂટી જાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સંયોગ છૂટી જાય કે અશુદ્ધ પરિણામનો નાશ થઈ જાય ત્યારે અનુભવ–સમ્યગ્દર્શન થાય તેમ નથી પણ અશુદ્ધ સંસ્કાર–પરમાં એકતાબુદ્ધિ છૂટી જાય છે તે કાળે આત્મામાં એકતાબુદ્ધિરૂપી અનુભવ થાય છે. જે કાળે અશુદ્ધરૂપ સંસ્કાર છૂટી જાય છે તે જ કાળે આત્માનો અનુભવ થાય છે, બન્ને એક જ કાળે છે.

આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધભાવ છૂટતા નથી ને અશુદ્ધ સંસ્કાર છૂટયા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી. રાગની એકતાના સંસ્કાર છૂટયા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી ને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયા વિના રાગની એકતાના સંસ્કાર છૂટતા નથી. મહિમાવંત એવા પ્રભુનો મહિમા આવ્યા વિના તુચ્છતાના–પામરતાના સંસ્કાર છૂટશે નહીં ને તુચ્છતાના–પામરતાના સંસ્કાર છૂટયા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં. તેથી અશુદ્ધતા જાય ને શુદ્ધતા થાય તે એક જ કાળે છે.

## ગુજરાતી નવી આવૃત્તિ


| | | |
|---|---|---|
| ૧. | નિયમસાર શાસ્ત્ર ... ... ... | ૯–૦૦ |
| ૨. | સમયસાર કલશ ... ... ... | ૭–૦૦ |
| ૩. | સમાધિતંત્ર ... ... ... | ૭–૦૦ |

# ભાષા-ટીકારૂપે સ્વયં પરિણમતા પુદ્ગલો

[ શ્રી સમયસાર, કલશ-૨૭૮, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

અમૃતચંદ્રાચાર્યદેવે અજોડ ટીકા કરી છે છતાં કહે છે કે આ ટીકા મેં કરી નથી, આ સમયસારની વ્યાખ્યા કરવાની ક્રિયા મારી નથી, એ તો શબ્દની રચના છે, તે મારું કાર્ય નથી, હું તેનો કર્તા નથી. અત્યારે ભરતક્ષેત્રમાં આ સમયસારની ટીકા જેવી કોઈ ટીકા છે નહીં એવી આ અજોડ ટીકા છે, તેના રચયિતા અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે કે આ સમયસારની ટીકા મેં નથી બનાવી, એ ક્રિયા-રચના મેં નથી કરી, એ ક્રિયા મારી નથી પણ શબ્દોની રચના છે.

જે ટીકા થઈ છે તે શબ્દોની પોતાની શક્તિથી થઈ છે. જેવી વસ્તુની સ્થિતિ છે એવું યથાર્થ સ્વરૂપ શબ્દોએ કહ્યું છે. વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું સારી રીતે શબ્દોએ પોતાની શક્તિથી કહ્યું છે. શબ્દોમાં કહેવાની સ્વતંત્ર તાકાત છે. તેથી છ-દ્રવ્ય, તેના ગુણ-પર્યાય આદિ જેમ છે તેમ સારી રીતે શબ્દોએ કહ્યું છે. એ ક્રિયા અજીવની છે તેને જીવ શી રીતે કરે ?

'દ્રવ્યસ્વભાવ ઉપર દ્રષ્ટિ દે, ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થશે'-એવી શબ્દ રચના તે શબ્દોની ક્રિયા છે, શબ્દોની પોતાની શક્તિથી તે ક્રિયા-રચના બની છે, તેનો કર્તા હું નથી એમ આચાર્ય મહારાજ કહે છે. 'વ્યવહાર અભૂતાર્થ છે, નિશ્ચય વસ્તુ ભૂતાર્થ છે'-એ શબ્દોએ કહ્યું છે, મેં કહ્યું નથી, કેમ કે એ તો શબ્દોની ક્રિયા છે. હું તો મારા જ્ઞાનસ્વરૂપમાં છું, રાગની ક્રિયાથી ને શબ્દોની ક્રિયાથી ભિન્ન એવું મારું અમૂર્તસ્વરૂપ છે.

'સત્યાર્થ ત્રિકાળી ભગવાનના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે'-એ શબ્દની ટીકા છે. ભરતક્ષેત્રમાં આવી ટીકા ! આહાહા !-અજોડ છે, તે અમૃતચંદ્રાચાર્ય કહે છે કે એ તો શબ્દોની ક્રિયા છે મારું કાંઈ જ કર્તવ્ય નથી. આચાર્ય મહારાજ નિમિત્ત તો છે પણ નિમિત્ત કર્તા નથી એમ સિદ્ધ કરે છે. આચાર્યમહારાજ કહે છે કે હું આમાં કાંઈ કરતો નથી, તે મારું કર્તવ્ય નથી. જ્ઞાનચક્ષુ શું કરે ? જે હોય છે તેને જાણે પણ કરે શું ?-કાંઈ ન કરે. શબ્દ તો પુદ્ગલ છે, જડ છે, પુરુષ ( -આત્મા ) તેમાં નિમિત્ત છે. વર્ણ પદ ને વાક્યરૂપ પરિણમન જડ-પુદ્ગલનું છે, પુરુષ તેમાં નિમિત્ત છે એમ કહેતાં તેની ઉપસ્થિતિ માત્ર છે. પુરુષ કહેતાં પુરુષનું જ્ઞાન-ક્ષયોપશમજ્ઞાન શબ્દવર્ગણામાં નિમિત્ત છે. અરે ! શબ્દોની જે ક્રિયા બને તેને જાણે એમ પણ કહેવું તે વ્યવહાર છે.

અંતરમાં નથી જઈ શકતો તેનું કોઈ કારણ તો હોવું જોઈ એ ને? અનંત ગુણનો અપાર મહિમાવંત પ્રભુ છે તેમાં ન જવાનું કોઈ કારણ તો હશે ને?–કે કાં પરનું અભિમાન, કાં રાગનું અભિમાન, કાં પોતે ક્યાં અટકે છે તેની ખબર નથી તેથી અંતરમાં જઈ શકતો નથી.

પરમાણુમાં કહેવાની શક્તિ સ્વયમેવ છે, આત્મા નિમિત્ત છે માટે પરમાણુમાં કહેવાની શક્તિ છે તેમ નથી. રાગ ને શબ્દની ક્રિયા તે મારી નથી. હું તો જાણનાર છું. રાગ પણ મારા અસ્તિત્વમાં નથી તો શબ્દની ક્રિયા તો ક્યાં રહી?–તેથી તેનો હું કર્તા નથી. શબ્દરૂપ પરિણમવામાં ભાષાવર્ગણાનો તે કાળે જન્મક્ષણ હતો તેથી સ્વયમેવ શબ્દાદિરૂપ પરિણમ્યા છે. વસ્તુસ્વરૂપ જ આવું છે. ભાષાની પર્યાયનું શબ્દરૂપે પરિણમવું એ તેનો જન્મક્ષણ છે તેથી સ્વયમેવ તે રૂપે પરિણમે છે. શબ્દોની રચના શબ્દોએ કરી છે એ વાત જ યથાર્થ છે.

આચાર્યદેવ કહે છે કે આ ટીકા બની છે તે મેં નથી બનાવી. હું તો જ્ઞાનસ્વરૂપ આત્મામાં લીન છું, રાગમાં હું લીન નથી. શબ્દમાં સ્વ–પર કહેવાની સ્વયંશક્તિ છે, પુરુષ નિમિત્ત છે–આત્માની ક્ષયોપશમની પર્યાય નિમિત્ત છે–માટે શબ્દોમાં સ્વપર કહેવાની શક્તિ આવી છે એમ નથી.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ જ્ઞાનકંદ અમૂર્તિક છે તે મૂર્તિક દ્રવ્યશ્રુતની રચના કેમ કરે? શબ્દની પર્યાય તો મૂર્તિક છે અને અમૂર્તિક ભગવાન આત્મા તો જાણક સ્વભાવનું સરોવર છે, તે જડ તત્ત્વની રચના કેમ કરે? જડ તત્ત્વની પર્યાયને આત્મા ત્રણકાળમાં કરે નહીં.

ભલે દ્રષ્ટિ અમૂર્તિક ચૈતન્ય પર ન હો છતાં પણ એ અજ્ઞાની મૂર્તિકની પર્યાયને કેમ કરે? ભ્રાંતિથી માને ભલે પણ જીવતત્ત્વ અજીવતત્ત્વને કેમ કરે? કેમ કે જીવતત્ત્વ અને અજીવતત્ત્વ બે ભિન્ન છે ને! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે એ માન્યતા જ મિથ્યા છે. અરે! ખરેખર તો વિકલ્પને પણ ભગવાન આત્મા જાણે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે.

અહીં આચાર્યદેવ કહે છે કે આ ટીકા મેં કરી નથી, મારું ક્ષયોપશમજ્ઞાન એમાં નિમિત્ત છે, પણ નિમિત્તથી તે ક્રિયા થઈ છે એમ નથી. એ પરમાણુની ઉપલબ્ધિનો તે જ જન્મકાળ છે, આચાર્યદેવનું આ કથન પોતાનું અકર્તૃત્વ તથા પોતાની નિર્માનતા પણ બતાવે છે. જે ટીકાને મણિ–રત્નો જડે તોપણ તેની કિંમત ન થાય–ન આંકી શકાય એવી અજોડ ટીકા થવા છતાં આચાર્ય મહારાજ કહે છે કે તે ટીકાનો હું કર્તા છું એમ તમે ન માનશો, હું જણાવનાર ને તમે જાણનારા છો એમ મોહમાં તમે ન નાચો. ખરેખર પુદ્ગલ જ તેમાં નાચે છે તેથી મેં તે ટીકા કરી છે એમ તમે મોહમાં

ન નાચો. આચાર્ય નિમિત્ત છે તેથી જો નિમિત્ત–નૈમિત્તિક વ્યવહારસંબંધથી કહીયે તો આત્મખ્યાતિ નામની ટીકા અમૃતચંદ્રાચાર્યદેવે કરી છે એમ કહેવાય. આત્માની પ્રસિદ્ધિ અર્થાત્ આત્માની ખ્યાતિ કરે એવી આ આત્મખ્યાતિ નામની ટીકા અમૃતચંદ્રાચાર્યદેવે બનાવી છે તેથી સાંભળનારે–વાંચનારે તેમનો ઉપકાર માનવો યોગ્ય છે; કેમ કે તે વાંચવા–સાંભળવાથી આત્માના સ્વભાવનું યથાર્થ સ્વરૂપ જણાય છે. પ્રભુ! તું જ્ઞાનસ્વરૂપ છો ને!–એમ આત્મખ્યાતિ નામની ટીકામાં આત્માની પ્રસિદ્ધિ કરી છે તેથી આત્મખ્યાતિ સાંભળતાં પોતાના સ્વરૂપની સન્મુખ જાય તો આત્માનું સ્વરૂપ જણાય છે, શ્રદ્ધાન થાય છે ને તેની રમણતા થાય છે અને તેથી ‘રાગ મારો છે, પુણ્ય કરતાં કરતાં ધર્મ થશે’ –એવી મિથ્યા શ્રદ્ધા–જ્ઞાનને આચરણ દૂર થાય છે તથા મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી મુમુક્ષુઓએ આનો નિરંતર અભ્યાસ કરવા યોગ્ય છે એટલે કે નિરંતર આત્માની લગની લગાવવા યોગ્ય છે. * * * *

---

## વૈરાગ્ય-સમાચારઃ-

પ્રસિદ્ધ ઉદ્યોગપતિ, દિગંબર જૈન સમાજના અગ્રગણ્ય નેતા શેઠશ્રી સાહૂ શાંતિ–પ્રસાદજી જૈનનું ૬૬ વર્ષની વયે તા. ૨૭–૧૦–૭૭ના રોજ હૃદયરોગની ટૂંકી બિમારીથી દિલ્હીમાં અવસાન થયું છે. દિવંગત સાહૂજીએ દિગંબર જૈન ધર્મની વિશેષ પ્રભાવના થાય એવી ખંતથી અનેક પ્રયત્નો કર્યાં હતા. પોતાના અનેક ઉદ્યોગોની પ્રવૃત્તિમાં રહેવા છતાં પ્રાચીન–અર્વાચીન સાહિત્ય–પ્રકાશન દ્વારા દિગંબર ધર્મની સુંદર સેવા કરતા હતા. તીર્થક્ષેત્રની, ધર્મની કે જિનવાણીની સેવા–પ્રભાવનાના પ્રસંગે તેઓ ખૂબ જ ભક્તિથી તન–મન ને ધનની અર્પણતા પૂર્વક ભાગ લેતા હતા. શ્રી ઓલ–ઇન્ડિયા દિગંબર ભગવાન મહાવીર ૨૫૦૦મી નિર્વાણમહોત્સવ સમિતિમાં અધ્યક્ષપદે રહી તેઓએ નિર્વાણ મહોત્સવ સફળ બનાવ્યો હતો. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે તેઓને ખૂબ ભક્તિભાવ હતો ને જ્યારે પણ ગુજરાત–સૌરાષ્ટ્ર તરફ નીકળતાં ત્યારે પૂજ્ય ગુરુદેવના દર્શનાર્થે સોનગઢ જરૂર આવતાં. સોનગઢમાં ‘શ્રી કુંદકુંદ–કહાન દિગંબર જૈન સરસ્વતી ભુવન’ ની ઉદ્ઘાટન વિધિ સદ્ગતના સુહસ્તે થઈ હતી તથા ‘શ્રી મહાવીર કુંદકુંદ દિગબર જૈન પરમાગમમંદિર’ ની પ્રતિષ્ઠાના મહોત્સવ પ્રસંગે તેઓ સોનગઢમાં ઉપસ્થિત રહ્યા હતા અને છેલ્લે પ્રાંતિજ શિક્ષણ–શિબિરમાં ભાગ લઈને ખાસ દર્શનાર્થે સોનગઢ આવ્યા હતા ને બે દિન પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો સાંભળીને ઘણો જ પ્રમોદ વ્યક્ત કરતા હતા. આવા એક ધર્મપ્રેમી કર્તવ્યનિષ્ઠ ને અગ્રગણ્ય જૈન નેતાના દુઃખદ અવસાનથી દિગંબર જૈન સમાજને કદી પણ ન પુરાય એવી મોટી ખોટ પડી છે. સદ્ગતનો આત્મા પ્રાપ્ત કરેલા ધર્મપ્રેમના સંસ્કારબળે શીઘ્ર આત્મોન્નતિ પામો એવી સકલ જૈન સમાજ વતી શુભ કામના.

[ બહેનશ્રીનાં વચનામૃત.... ટાઈટલ ૨ થી ચાલુ ]

સ્વભાવમાં આવવાથી સુખ અને ગુણોની વૃદ્ધિ થશે; વિભાવમાં જવાથી દુઃખ અને ગુણોની હાનિ થશે. માટે ઉતાવળથી સ્વરૂપમાં ગતિ કર.

* સ્વરૂપની લીલા જાત્યંતર છે. મુનિરાજ ચૈતન્યના બાગમાં રમતાં રમતાં કર્મના ફળનો નાશ કરે છે. બહારમાં આસક્તિ હતી તે તોડી સ્વરૂપમાં મંથર-સ્વરૂપમાં લીન-થઈ ગયા છે. સ્વરૂપ જ તેમનું આસન, સ્વરૂપ જ નિદ્રા, સ્વરૂપ જ આહાર છે; તેઓ સ્વરૂપમાં જ લીલા, સ્વરૂપમાં જ વિચરણ કરે છે, સંપૂર્ણ શ્રામણ્ય પ્રગટાવી તેઓ લીલામાત્રમાં શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રગટાવે છે.

* શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય તેવું દેખાય છે, પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે. જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી ઉપર આવી જા. ચૈતન્યદ્રવ્ય નિર્મળ છે. અનેક જાતનાં કર્મના ઉદય, સત્તા, અનુભાગ તથા કર્મનિમિત્તક વિકલ્પ વગેરે તારાથી અત્યન્ત જુદાં છે.

* વિધિ અને નિષેધની વિકલ્પજાળને છોડ. હું બંધાયેલો છું, હું બંધાયેલ નથી-તે બધું છોડી અંદર જા, અંદર જા; નિર્વિકલ્પ થા, નિર્વિકલ્પ થા.

* જેમ સ્વભાવે નિર્મળ સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી, તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી. આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. અંદર વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે.

* અંતરમાં આત્મા મંગળસ્વરૂપ છે. આત્માનો આશ્રય કરવાથી મંગળ-સ્વરૂપ પર્યાયો પ્રગટશે. આત્મા જ મંગળ, ઉત્તમ અને નમસ્કાર કરવા યોગ્ય છે-એમ યથાર્થ પ્રતીતિ કર અને તેનું જ ધ્યાન કર તો મંગળતા અને ઉત્તમતા પ્રગટશે.

## * આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો *

* આ રીતે વિવિધ ભેદોવાળું પુદ્‌ગલ જોવામાં આવતાં, હે ભવ્યશાર્દૂલ! (ભવ્યોત્તમ!) તું તેમાં રતિભાવ ન કર. ચૈતન્યચમત્કારમાત્રમાં તું અતુલ રતિ કર કે જેથી તું પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થઈશ. (શ્રી નિયમસાર)

* તાડના વૃક્ષથી તૂટેલું ફળ નીચે પૃથ્વી ઉપર પડવા માંડયા પછી વચ્ચે ક્યાં સુધી રહે? તેમ જન્મ થયા પછીનું જીવન આયુ સ્થિતિમાં ક્યાં સુધી રહે? બહુ જ અલ્પકાળ અને તે પણ અનિયત. તેથી હે ભવ્ય! આ દેહાદિને આમ ક્ષણભંગુર જાણીને વાસ્તવિક અવિનાશી પદનું સાધન બીજા બધાં કાર્યો જતાં કરીને પણ ત્વરાએ કરી લેવું એ જ સુયોગ્ય છે, કારણ જીવન-સમય બહુ સાંકડો છે. (-શ્રી આત્માનુશાસન,)

* જ્ઞાનજ્યોતિ સમસ્ત જીવોના અંતરંગમાં રહે છે, તેમ મન, વચન, કાયા અને યુક્તિથી અગમ્ય છે, હે ભવ્યો! પોતપોતાની જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને સંસારથી મુક્ત થાઓ. (-શ્રી સમયસાર નાટક)

* શ્રુતના બે ભેદ છે : એક અંગશ્રુત તથા બીજું બાહ્યશ્રુત, તેમાં અંગશ્રુત બાર પ્રકારનું શ્રી જિનેન્દ્રભગવાને કહ્યું છે તથા બાહ્યશ્રુતના અનંત ભેદ કહ્યાં છે, પરંતુ તે બન્ને શ્રુતમાં જ્ઞાન-દર્શનવાળો આત્મા જ ગાહ્ય (-ગ્રહણ કરવા લાયક) કહ્યો છે અને તેનાથી જુદા સમસ્ત પદાર્થો હેય (-ત્યાગવા લાયક) કહ્યાં છે. (-શ્રી પદ્મનંદિપંચવિંશતિકા)

* જેમ કોઈ મનુષ્ય બહુમૂલ્ય ચંદનને અગ્નિ માટે બાળે છે, તેમ અજ્ઞાની જીવ વિષયોની વાંચ્છામાં નિર્વાણનું કારણ જે મનુષ્યભવ તેનો નાશ કરે છે. (-શ્રી ભગવતી આરાધના)

* શરીરમાં આત્મબુદ્ધિ હોવી તે જ સંસારના દુઃખનું કારણ છે; તેથી તેને-શરીરમાં આત્મબુદ્ધિને-છોડીને તથા બાહ્ય વિષયોમાં ઇન્દ્રિયોની પ્રવૃત્તિને રોકીને અંતરંગમાં-આત્મામાં પ્રવેશ કરવો. (-શ્રી સમાધિતંત્ર)

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) PIN : 364250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ- ૩૫૦૦